

‘યોગી અને RSSનું નામ આપવા હતુ દબાણ...’

Page - 3

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય


# ગુજરાત વંદન

info@gujaratvandan.com | www.gujaratvandan.com સાપ્તાહિક

RNI No.GUJGUJ/2016/68288
કુલ પાનાં ૧૨
કિંમત ૫, વર્ષ ૦૧, અંક ૦૧
વિક્રમ સંવત : 2078
માગશર વદ-11
૩૦ ડિસેમ્બર, ૨૦૨૧
ગુરુવાર

તંત્રી : નિકુંજ એસ. પટેલ ● મો. ૦૭૯૪૮૯૮૭૧૧૧ ● ઓફિસ : ૩૦૧, કલ્પતરુ કોમ્પ્લેક્ષ, પ્રેમચંદનગર સામે, જોધપુર, સત્યાગ્રહ છાવણી રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.

ગુજરાત



## દલિત લાભાર્થીઓ માટે સામાજિક અધિકારીકતા વિભાગ દ્વારા ક્રાંતિકારી ફેરફારો : મંત્રી

ગુજરાત વંદન

સામાજિક ન્યાય અને અધિકારીકતા મંત્રી પ્રદિપ પરમારે આ અંગેની માહિતી



આપતા જણાવ્યું કે, આવાસ યોજના અંતર્ગત રૂ.૧,૨૦,૦૦૦ ત્રણ હપ્તા ચુકવવામાં આવે છે, જે પૈકી પ્રથમ હપ્તો રૂ. ૪૦,૦૦૦ મકાન અરજી મંજૂર થયેલી, બીજો હપ્તો રૂ. ૬૦,૦૦૦ લીંટલ લેવરનું કામ પૂર્ણ થયેલી અને ત્રીજો હપ્તો રૂ. ૨૦,૦૦૦ શૌચાલય સહિતનું મકાન બાંધકામ પૂર્ણ થયેલી ચુકવવામાં આવશે.

યોજનામાં કરેલા ફેરફાર મુજબ, હાલમાં મકાન બાંધકામની ટોચ મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૫ લાખથી વધારીને રૂ. ૭ લાખ અને શહેરી વિસ્તારમાં રૂ. ૭ લાખથી વધારીને ૨૭. ૭.૧૦ લાખ કરવામાં આવી છે. હાલમાં મકાન સહાય મંજૂર કર્યેથી એક વર્ષમાં મકાન બાંધકામ પૂર્ણ કરવાની જોગવાઇ છે તેના બદલે લાભાર્થી ૨ વર્ષ સુધીમાં બાંધકામ પૂર્ણ કરી શકશે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોમર્શીયલ પાયલોટ તાલીમ માટે સરકાર તરફથી આપવામાં આવતી લોન સહાય યોજનામાં પણ સરકાર દ્વારા ફેરફાર કરવામાં આવ્યા છે.

### ગાંધીનગર રેન્જ સાઈબર ક્રાઈમમાં નોંધાઈ હતી ફરિયાદ

# ચાઈલ્ડ પોર્ન વીડિયો અપલોડ કરનાર મહેસાણાના યુવકની ધરપકડ

○ યુવકે પોતાના ફેસબુક એકાઉન્ટમાં ૫ વીડિયો કર્યા હતા વાઈરલ

ગુજરાત વંદન,

સોશિયલ મીડિયા પર ચાઈલ્ડ પોર્ન વીડિયો અપલોડ કરનાર મહેસાણાથી એક યુવકની ગાંધીનગર રેન્જ સાઈબર ક્રાઈમે ધરપકડ કરી છે. મહેસાણાના યુવકે પોતાના ફેસબુક એકાઉન્ટ પર બાળક અને બાળકીનો સંભોગ કરતા ૫ વીડીયો વાઈરલ કર્યા હતા. જેને લઈને યુવકના એકાઉન્ટ સામે ફરિયાદ થતા ગુનો સાઈબર ક્રાઈમ પોલીસ મથકમા નોંધવામા આવ્યો હતો. હાલ આ મામલે સાઈબર ક્રાઈમ પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



વિગત મુજબ, સોશિયલ મીડિયામાં એક ફેસબુક એકાઉન્ટમાં ચાઈલ્ડ પોનોગ્રાફીના વિડીયો વાયરલ થયા હોવાની ફરિયાદ ગાંધીનગર રેન્જ સાઈબર ક્રાઈમને મળી હતી. જેને ગાંધીનગર રેન્જ સાઈબર ક્રાઈમના પીઆઈ પી.એલ. વાઘેલાની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામા આવી હતી. ત્યારે મહેસાણા શિયાપુરા ગામમા રહેતો મુકેશ વિરચંદ દંતાણીએ પોતાનુ ફેસબુક આઇડી બનાવી તેમા ચાઇલ્ડ પોર્ન વીડીયો વાઈરલ કર્યા હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. આ ફરિયાદને લઈને સાઈબર પોલીસની ટીમ દ્વારા યુવકને બોલાવવામા આવ્યા બાદ તેનો મોબાઈલ જપ્ત કરાયો હતો. ત્યારે પોર્ન વીડીયો બાબતે વાત કરતા મોબાઈલ બગડી ગયો હોવાનુ બહાનુ બતાવ્યુ હતુ.

જોકે, તેની પાસે રહેલા નવા મોબાઈલમાથી પણ પોર્ન વીડીયો મળી આવ્યા હતા. પોલીસે તે મોબાઈલની તપાસ કરતા ૫ જેટલા વીડીયો વાઈરલ કરાયા હોવાનુ સામે આવ્યુ હતુ. ત્યારે ચાઈલ્ડ વીડીયો વાઈરલ કરવાના ગુનામાં ધરપકડ કરવામા આવી હતી. પોલીસે ટેકનીકલ ટીમના આધારે વીડોયોની માહિતી મેળવી હતી. ઉલ્લેખનિય છેકે, આરોપી દ્વારા બાળક અને બાળકી સંભોગ કરતા હોય તેવા જ વીડીયો વાઈરલ કરાયા હતા.

### બગોદરા-ધોળકા હાઈવે પર ધુમ્મસના કારણે ગમખ્વાર અકસ્માત

# ટ્રક પાછળ તૂફાન ઘૂસી જતા ત્રણ લોકોના ઘટનાસ્થળે મોત



○ અકસ્માતમાં ૧૦ મુસાફરો થયા ઈજાગ્રસ્ત

ગુજરાત વંદન,

બગોદરા પાસે ટ્રક અને તુફાન કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ૩ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે ૧૦ લોકો ઘાયલ થતાં તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. બગોદરા તારાપુર હાઈવે પર ટ્રક પાછળ કાર ઘુસી જતાં અકસ્માત સર્જાયો હતો. ગમખ્વાર અકસ્માતમાં ૩ વ્યક્તિઓના મૃત્યુના સમાચાર સામે આવ્યા છે. ઘાયલોને સારવાર અર્થે અમદાવાદ ખસેડાયા છે. અકસ્માતની જાણ થતાં બગોદરા પોલીસ અને ૧૦૮ની ટીમ ઘટના સ્થળ પર દોડી આવ્યા હતા. વહેલી સવારે ધુમ્મસભર્યા વાતાવરણમાં અમદાવાદ બગોદરા ધોળકા રોડ પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બગોદરા નજીક રોડ પર ઉભેલા ટ્રક પાછળ તુફાન ઘુસી જતાં અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં ઘટનાસ્થળે ૩ મુસાફરોનાં મોત નિપજ્યા છે. તો ૧૦ મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે.

ઠંડીના મોસમમાં વાતાવરણમાં ધુમ્મસ છવાયેલુ રહે છે. તેમાં પણ મોડી સાંજથી લઈને વહેલી સવારે રસ્તા પર ધુમ્મસ હોય છે.

જેની સીધી અસર વાહનચાલકો પર થતી હોય છે. આવામાં અકસ્માતોના અનેક બનાવો બનતા હોય છે. ત્યારે અમદાવાદ બગોદરા ધોળકા રોડ પરથી પસાર થઈ રહેલા તૂફાન ગાડીને ટ્રક દેખાઈ ન હતી. જેથી તૂફાન ગાડી ટ્રકની પાછળ ઘૂસી ગઈ હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે, ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમા એક મહિલા અને બે પુરુષના મોત થયા છે.

### સુરતના હજીરા વિસ્તારમાં બાળકીની દુષ્કર્મ બાદ હત્યા

# નરાધમને અંતિમ શ્વાસ સુધી કેદ


○ દોષિતે આજીવન કેદ સંભળાવનાર જજ પર ફેંક્યું ચપ્પલ

ગુજરાત વંદન,

સુરતના હજીરા વિસ્તારમાં બનેલી બાળકી પર દુષ્કર્મ હત્યા મામલે સુરત કોર્ટે આરોપીને કસૂરવાર ઠેરવી આજીવન કારાવાસની સજા ફટકારી છે. દોષિતે અશ્લીલ ફિલ્મ જોઈ માસૂમ બાળકી સાથે બદકામ કર્યું હતું. દુષ્કર્મ આચર્યું હતું. જોકે, સજા સંભળાવતા જ દુષ્કર્મીએ કોર્ટમાં જજ પર જૂતુ ફેંક્યુ હતું.

વિગત મુજબ, થોડાક મહિલા પહેલા હજીરા વિસ્તારમાં રહેતા શ્રમજીવી પરિવારની માત્ર પાંચ વર્ષની બાળકીને ચોકલેટ આપવાની લાલચે મધ્યપ્રદેશના વતની ૨૭ વર્ષીય આરોપી સુજીત મુન્નીલાલ સાકેત બદકામ કરવાના ઈરાદે પોતાની સાથે લઈ ગયો હતો.આરોપીએ ભોગ બનનાર બાળકી સાથે સૃષ્ટિ વિરુધ્ધનુ કૃત્ય આચરી તેની હત્યા કરી નાસી છુટયો હતો. આ બનાવ બાદ હજીરા પોલીસે આરોપી સુજીત સાકેતની પોલીસે પોક્સો એક્ટના ભંગ બદલ ધરપકડ કરી જેલ ભેગો કર્યો હતો.





સરકારી વકીલ નયન સુખડવાલાએ માહિતા આપી હતી કે, આરોપી સુજીતને જીવનના અંતિમ શ્વાસ સુધી જેલવાસની સજા સાથે એક લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. સાથે જ ૫ ીડિતના પરિવારને ૨૦ લાખનું વળતર આપવાનું પણ કોર્ટે ચુકાદામાં નોધ્યું છે. આ બાળકી સાથે આરોપીએ ક્રુર અને જઘન્ય કૃત્ય આચર્યુ હતું. જેથી અમે આ કેસમાં કેપિટલ પનિશમેન્ટની માંગ કરી હતી. પરંતુ કોર્ટે અંતિમ શ્વાસ સુધીની સજા ફટકારી છે. આરોપીના મોબાઈલમાંથી પોર્ન અને એનિમલ પોર્નના વીડિયો પણ મળી આવ્યા હતા તે પૂરાવા મહત્વના સાબિત થયાં હતાં. આ કેસમાં અલગ અલગ ૨૬ સાક્ષીઓની જુબાની કોર્ટમાં લેવામાં આવી હતી. ૫૩ જેટલા દસ્તાવેજી પુરાવવા રજૂ કરવામાં આવ્યા હતા.

#### ગત અઠવાડિયા કસૂરવાર જાહેર કર્યો

અઠવાડિયા પહેલા કોર્ટમાં થયેલી સુનાવણીમાં સુરત કોર્ટ દ્વારા આરોપીને કાસુરવાર ઠેરવાયો હતો. સરકારી વકીલ નયન સુખડવાળા દ્વારા આરોપીને ફાંસી માટે દલીલ કરાઈ હતી.

#### દોષિતને ફાંસી આપવામાં આવે તેવી માંગ

આ ઘટના બાદ આ કેસ રેરેસ્ટ ઓફ ધ રેરમાં ગણાયો હતો. જેથી સરકાર પક્ષ દ્વારા આરોપીને ફાંસીની સજાની માંગ કરાઈ હતી, જેથી સમાજમાં દાખલો બેસાડી શકાય. સરકાર પક્ષે આરોપી સામેનો કેસ નિઃશકપણે સાબિત કરતાં આરોપીને તમામ આક્ષેપિત ગુનામાં દોષી ઠેરવ્યો હતો. જ્યારે આરોપીના બચાવ પક્ષે આરોપીની નાની વય તથા વૃદ્ધ માતાપિતાની જવાબદારીને ધ્યાનમાં લઈને સજામાં રહેમની ભીખ માંગી ખોટી સંડોવણી કરી હોવાનું જણાવ્યું હતું.

### ખેડૂતોને ચિંતા કરવાની જરૂર નથી, સરકાર પડખે છે : રાજેન્દ્ર ત્રિવેદી

# જમીન રી-સર્વે વાંધાના નિકાલ માટે સમય એક વર્ષ લંબાવાયો

ગુજરાત વંદન,

રાજ્યમાં જમીન રી-સર્વેને કામગીરીને લઈ મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીની અધ્યક્ષતામાં મહત્વની બેઠક મળી હતી. જેમાં મહેસુલ વિભાગના ઉચ્ચ અધિકારીઓ હાજર રહી જમીન રી-સર્વેની કામીગીરીમાં ક્ષતિઓ બાબતે ચર્ચા થઈ હતી. જે બાદ મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ જાહેરાત કરી છે કે અત્યાર સુધી ૪ લાખ ૧૩ હજાર વાંધા અરજીનો નિકાલ થઈ ચૂક્યો છે અને હવે વધુ એક વર્ષ સુધી જમીન રી સર્વેની કામગીરી કરવામાં આવશે



જેમાં પેન્ડિંગ અરજીઓનો તાત્કાલિકના ધોરણે નિકાલ કરવામાં આવશે.

મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ જમીન રી-સર્વેમાં ગુજરાત સરકારની કામગીરી પર પ્રકાશ પાડતા કહ્યું હતું કે ખેડૂતોની જમીનના સર્વે બાબતે અનેક વાર પ્રશ્ન ઉભો થયા છે, પણ સર્વે અને રી સર્વે બાબતે ચિંતા કરવાની જરૂર નથી. ૧૮૮૬ માં સર્વેની શરૂઆત થઈ, ૧૯૨૦ માં પૂર્ણ કરવામાં આવી ત્યાર બાદ કેટલાક પ્રશ્ન ઉપસ્થિત થયા જેથી ગુજરાત એક માત્ર રાજ્ય છે ફિલ્ડમાં જઈને આધુનિક સાધનોથી પોઈન્ટ ટુ પોઈન્ટ સર્વે કર્યો, ગામે ગામે જઈને ગ્રામસભા કરી હતી, ૨૦૧૬ થી રી સર્વેની મુદત ચાલુ છે જે એક વર્ષ સુધી વધુ ચાલુ રહેશે એટલે કે રી સર્વેની સમય મર્યાદા એક વર્ષ માટે વધારવામાં આવતા અનેક મુઝવતા પ્રશ્નોનો નિકાલ કરી શકાશે.

### ડિટેક્શનની માસ્ટરી અને ગુનેગારોના નેટવર્ક પર મજબૂત પક્કડ

# બાહોશ, જાંબાઝ હિમાંશુ શુક્લા રોમાં બજાવશે ફરજ..!!

○ અમદાવાદના DCPથી લઈને ATSના DIG સુધીની સફરમાં અસંખ્યા ગુનાઓને ઉકેલ્યા...

ગુજરાત વંદન,

ગુજરાત સરકારે ૨૨ ડિસેમ્બરની રાત્રે ૭ આઈ.પી.એસને ડીએસપી ટુ ડીઆઈજીના પ્રમોશન આપ્યાં. આ પ્રમોશન સાથે જ ગુજરાત છૂજી ડીઆઈજી હિમાંશુ શુક્લાનો રોમાં જવાનો રસ્તો ક્લિયર થઈ ગયો છે. રાજ્યના સિનિયર અધિકારીઓનું માનીએ તો હિમાંશુ શુક્લાની ડિટેક્શનની માસ્ટરી અને ગુનેગારોના નેટવર્ક પર મજબૂત પક્કડ છે. આ પકડ હવે માત્ર ગુજરાત કે ભારત પુરતી જ નથી રહી, પરંતુ તેમનું નેટવર્ક મીડલ ઈસ્ટના દેશો સુધી ફેલાયેલું છે.

ગુજરાત ATSને દેશની સર્વશ્રેષ્ઠ એજન્સીઓમાં સર્વોચ્ચ સ્થાન આપવામાં હિમાંશુ શુક્લાએ એકલે હાથે સિંહ ફાળો આપ્યો છે અને એમની લીડરશીપ હેઠળ પોલીસ અધિકારીઓ એ અકલ્પનીય ઓપરેશન હાથ ધર્યા છે.



આમ તો હિમાંશુ શુકલાના કોઈને કોઈ કેસને લઈને ચર્ચામાં રહેતા જ હોય છે પણ હાલમાં તેઓ વધુ ચર્ચામાં છે તેનું કારણ છે ગુજરાતની સેવા કરતા આ રક્ષકને હવે દેશની સેવા કરવાની ઉત્તમ તક મળી છે. ગુજરાત ATSમાં DIG તરીકે ફરજ બજાવતા હિમાંશુ શુકલા હવે ટુંક સમયમાં દેશની સૌથી મોટી જાસૂસી સંસ્થા ઇછ૭ઉમાં સેવા આપવા જશે. હિમાંશુ શુકલા આજે ગુજરાતભરમાં જાણીતું નામ બની ગયુ છે. આ નામ તેમણે કરેલી પ્રશંસનીય કામગીરીના કારણે થયું છે.

મૂળ મધ્યપ્રદેશના રિવાના રહેવાસી હિમાંશુ શુકલા ૨૦૦૫ની બેંચના IPS અધિકારી છે, બિટેક ઈલેક્ટ્રિકલ એન્ડ ઈસીમાં અભ્યાસ કરનાર અને એક ખાનગી કંપનીમાં એન્જિનિયર તરીકે કામ કરતા હિમાંશુ શુકલાએ ઈન્ડિયન સિવિલ સર્વિસની પરીક્ષાના બીજા પ્રયાસમાં તેઓ ૫૪માં રેક્રે પાસ થયા હતા. જેઓ ૫૪માં રેક્ર સાથે IAS માટે સિલેકટ થયા હોવા છતાં તેમણે IPSમાં જવાનું પસંદ કર્યુ. વર્ષ ૨૦૦૫થી લઈને અત્યાર સૂધી એટલે કે અમદાવાદના DCPથી લઈને ATSના DIG સુધીની સફરમાં તેમણે અસંખ્યા ગુનાઓને માત્ર ઉકેલ્યા નથી પણ અનેક ગુના બનતા પણ અટકાવ્યા છે.

યુનિયન હોમ મિનિસ્ટરનાઓની કચેરી તરફથી તેઓને અસાધારણ આસુચના કુશલતા પદક પણ એનાયત કરવામા આવ્યા છે. આ પદક પ્રાપ્ત કરનાર તેઓ ગુજરાતના એકમાત્ર ઈન્સ્પ ેક્ટર છે. તેઓને સુરત કમિશ્નર દ્વારા બેસ્ટ પોલીસ ઈન્સ્પેક્ટરનો એવોર્ડ પ્રદાન કરવામા આવેલ છે. કાલુપુર બ્લાસ્ટના આરોપીને કશ્મીર ખાતેથી પકડી લાવ્યા છે. સરદાર નગર પોલીસ મથક ખાતે એક વર્ષમાં ૧૦૧ પાસાનો તથા ૧૫૦ ક્વોલીટી કેસનો અને ૩૧ ડિસેમ્બરના એક દિવસે ૧૦૯ પ્રોહી. કેસનો રેકોર્ડ કાયમ કરેલ છે.

#### બીજેપી નેતાઓની હત્યાના કેસ પણ તેમણે ઉકેલ્યો

ગુજરાતમાં ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા હિમાંશુ શુક્લાએ ઘણા હાઈપ્રોફાઈલ કેસ ઉકેલ્યા છે. ગુજરાતના ૨૦૦૨માં થયેલી અથડામણ સાથે જોડાયેલા ૪ કેસોની તપાસની જવાબદારી તેમને સોંપવામાં આવી હતી. આ કેસોને તેમને છેક અંજામ સુધી પહોંચાડ્યા હતા. આ કેસ ૫ છી એટીએસમાં કામ કરવાનો મોકો મળ્યો હતો. ૨૦૦૮માં અમદાવાદમાં થયેલા સિરિયલ બોમ્બ બ્લાસ્ટની ઘટનાને ઉકેલવામાં પણ તેમણે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ગુજરાતના ભરૂચમાં ૨ બીજેપી નેતાઓની હત્યાના કેસ પણ તેમણે ઉકેલ્યો હતો.

#### ડૉન રવિ પુજારી, દાઉદના સાગરિતોની કરી ધરપકડ

હિમાંશુ શુક્લા અંડરવર્લ્ડ ડૉન રવિ પુજારીના સાહરિતો અને ૧૯૯૩ બ્લાસ્ટના આરોપીઓની પણ ધરપકડ કરી ચૂક્યા છે. જાન્યુઆરી ૨૦૧૭માં હિમાંશુ શુક્લાએ ગુજરાત પોલીસની સાથે મળીને ગેંગસ્ટર રવિ પુજારીનો સાગરિત સુરેશ પિલ્લઈની ધરપકડ કરી હતી. તે જ વર્ષે જ્યારે ડોન રવિ પુજારી આફ્રિકી દેશ સેનેગલમાંથી ધરપકડ કરવામાં આવી હતી, તે સમયે પણ ગુજરાત એટીએસે દેશની ખાનગી એજન્સીઓને મહત્વપૂર્ણ ઈનપુટ આપ્યા હતા.

જૂન ૨૦૧૮માં હિમાંશુ શુક્લાના નેતૃત્વમાં ગુજરાત એટીએસે ૧૯૯૩ બોમ્બે બ્લાસ્ટના આરોપી અહમદ કમાલ શેખ ઉર્ફ લંબૂની ધરપકડ કરવામાં આવી હતી.

#### ગોધરાકાંડ, અમદાવાદ બ્લાસ્ટ કેસની તપાસમાં ખરા ઉતર્યા

સૂત્રોનું માનીએ તો રોમાં અલગ અલગ ડિવિઝન એટલે કે, નક્કી કરેલા દેશના સમૂહ પ્રમાણે વિભાગો આપવામાં આવ્યાં છે. જેમાં પાકિસ્તાન સિહિતના મીડલ ઈસ્ટના દેશોની જવાબદારી ડીઆઈજી હિમાંશુ શુક્લાને સોંપાય તેવી ચર્ચા છે. જો કે, વાત એ છે કે, ભદ્રનને પ્રમોશનથી હિમાંશુ શુક્લાનો રસ્તો કેવી રીતે ક્લિયર થયો?

હકિકતમાં ગોધરાકાંડ પછી રાજ્યમાં ફાટી નીકળેલા તોફાનો બાદ ગુજરાત પણ આતંકીઓના લીસ્ટમાં ટોપ ટેનમાં હતુ. હરેન પંડ્યાની હત્યા અને વર્ષ ૨૦૦૭માં રામોલમાં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની હત્યા માટે આતંકીઓએ ઘડેલા કાવતરા ઉપરાંત ૨૦૦૮માં અમદાવાદમાં સિરિયલ બ્લાસ્ટની ઘટનાઓએ આ બાબતના પુરાવા આપ્યા હતા.

અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ થયો.ત્યારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી હતા અભયસિંહ ચુડાસમાં. બ્લાસ્ટ કેસની તપાસમાં ચુડાસમાએ પોતાની ટીમમાં રાજ્યના કેટલાક અધિકારીઓને પસંદ કરીને બોલાવ્યાં. જેમાં હાલના એડી. પોલીસ કમિશનર રાજેન્દ્ર અસારી અને હિમાંશુ શુક્લા પણ હતા. બન્ને અધિકારી બ્લાસ્ટ કેસની તપાસમાં ખરા ઉતર્યા. ત્યાર બાદ રાજ્યના પોલીસ વિભાગની સ્થિતિ બદલાઇ અને અભયસિંહ ચુડાસમા બાદ હિમાંશુ શુક્લાને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચનો હવાલો સોંપાયો.

## સોશિયલ મિડીયા પર પાકિસ્તાની ચાયવાલા ફેમસ થયો

**ગુજરાત વંદન,**

ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કરાયેલા એક વાયરલ વીડિયોમાં અરશદ ખાન લાહોરના ગુલબર્ગામાં તેના એક કેફેમાં પ્રવેશતો જોવા મળે છે. તેઓ કાફે, લાઉન્જ અને અન્ય જગ્યાઓ બતાવી રહ્યાં છે. અરશદ કહે છે કે કેફેના મેનૂમાં તેની સ્પેશિયલ ચા, પિઝા અને સ્ટીક સહિત વિવિધ પ્રકારની વાનગીઓ આપવામાં આવે છે. મેનુમાં કેટલીક વધુ વાનગીઓ પણ ઉમેરવામાં આવી છે. અરશદ ખાનને સપ્ટેમ્બર ૨૦૧૬માં પ્રોફેશનલ ફોટોગ્રાફર જિયા અલી દ્વારા જોવામાં આવ્યો હતો. બ્લુ કુર્તામાં સજ્જ અરશદે ઈસ્લામાબાદની રસ્તાઓ પર ચા બનાવી અને ઝિયાએ તેની તસવીર લીધી હતી. આ તસવીરો વાયરલ થતાં અરશદને ઘણી લોકપ્રિયતા મળી અને તે પાકિસ્તાનના ચાયવાલા તરીકે ખૂબ પ્રખ્યાત છે કાફે ચાયવાલા તેમના કેફેનું નામ છે જેની ઘણી શાખાઓ છે. એક કાફેમાં રૂફટોપ પણ છે. અગાઉના એક ઈન્ટરવ્યુમાં અરશદે કહ્યું હતું કે, “ઘણા લોકોએ મને તેમના કેફેનું નામ અરશદ ખાન રાખવા કહ્યું અને મને અત્યારનું નામ બદલવા કહ્યું હતું. પણ મેં ના પાડી કારણ કે ચાવાલા મારી ઓળખ છે. પાકિસ્તાનમાં રહેતા અરશદ ખાનને કોણ ભૂલી શકે છે. તે લાહોરનો એ જ ચાવાળો છે જેની તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી. અરશદ ખાનની ભૂરી આંખવાળી તસવીર જોઈને લોકોએ તેની સ્માર્ટનેસ પર ઘણી કોમેન્ટ્સ કરી હતી. હવે આ સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે લોકોને લાહોરમાં તેના કેફેમાં આવવાનું કહી રહ્યો છે.

# ઉત્તરાખંડમાં જલ્દી ચુંટણી થવી જોઈએ : રાજકીય પક્ષો

**ગુજરાત વંદન,**

ઉત્તરાખંડ રાજ્યમાં ચૂંટણી યોજાવાની છે અને તેના માટે રાજ્યના રાજકીય પક્ષોએ પ્રચાર શરૂ કરી દીધો છે. એવું માનવામાં આવે છે કે આગામી મહિનાની શરૂઆતમાં રાજ્યમાં ચૂંટણી આચારસંહિતા લાગુ થઈ શકે છે. તેથી, રાજ્યમાં વિધાનસભા ચૂંટણીની તૈયારીની ચકાસણી કરવા માટે ભારતીય ચૂંટણી પંચની ટીમ બે દિવસીય પ્રવાસ પર દહેરાદૂન પહોંચી છે. ટીએમ મુખ્ય ચૂંટણી કમિશનર સુશીલ ચંદ્રાના નેતૃત્વમાં રાજ્યના પ્રવાસ પર છે અને તેઓ વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને મળી રહ્યા છે અને તેમના સૂચનો લઈ રહ્યા છે. રાજ્યમાં યોજાનારી ચૂંટણી પહેલા ડાબેરી પક્ષોએ આયોગ સમક્ષ ઉમેદવારને બે જગ્યાએથી ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવાની માંગ ઉઠાવી છે. રાજ્યમાં ડાબેરી પક્ષોના નેતાઓ સુરેન્દ્ર સિંહ સજવાન અને અનંત આકાશે ડાબેરી પક્ષો વતી કમિશનને એક મેમોરેન્ડમ સુપરત કર્યું. આ સાથે પંચ બીએસપી સહિત અન્ય પક્ષોના પ્રતિનિધિઓને પણ મળ્યા હતા. રાજ્યની સત્તાધારી ભારતીય જનતા પાર્ટી દ્વારા યોજાયેલી બેઠકમાં ધારાસભ્ય વિનોદ ચમોલી, રાજ્ય ખજાનચી પુનીત મિત્તલ ચૂંટણી પંચના અધિકારીઓને મળ્યા હતા.

ભાજપ દ્વારા પ્રારંભિક તબક્કામાં વિધાનસભાની ચૂંટણી કરાવવાનું સૂચન કરવામાં આવ્યું હતું. બીજેપી નેતા પુનીત મિત્તલે કહ્યું કે ચૂંટણી પ્રચાર સામગ્રીના નિયત દર વધારવો જોઈએ. કારણ કે મોંઘવારી વધવાને કારણે સામગ્રીના ભાવમાં વધારો થયો છે. કોંગ્રેસ વતી પૂર્વ મંત્રી નવપ્રભાત પંચના અધિકારીઓને મળ્યા હતા. તેમણે કહ્યું કે વિધાનસભાની ચૂંટણી એક જ તબક્કામાં થવી જોઈએ. આ સાથે કોંગ્રેસના નેતાઓએ જણાવ્યું હતું કે ચૂંટણીમાં VVPAT મશીનના ઉપયોગની સાથે સાથે વૃદ્ધ અને દિવ્યાંગ મતદારોને મતદાનની સુવિધા મળવી જોઈએ.ચૂંટણી પંચે ઉત્તરાખંડમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે અને જેને લઈ ચૂંટણી પંચ રાજ્યના રાજકીય પક્ષો સાથે બેઠક કરી રહ્યું છે. રાજ્યના રાજકીય પક્ષો, ખાસ કરીને કોંગ્રેસ અને ભાજપે પ્રારંભિક તબક્કામાં રાજ્યમાં વિધાનસભા ચૂંટણી કરાવવાનું સૂચન કર્યું છે. રાજકીય પક્ષોનું કહેવું છે કે કોરોનાનું સંક્રમણ પણ વધી રહ્યું છે. તેથી રાજ્યમાં જલદી ચૂંટણી થવી જોઈએ. આ સાથે જ રાજકીય પક્ષોના નેતાઓએ ચૂંટણીપંચ પાસે ચૂંટણી ખર્ચની મર્યાદા વધારવા અને પ્રચાર માટે નિર્ધારિત પાંચ લોકોની સંખ્યા વધારવાની પણ માંગ કરી છે.

# છેલ્લા સપ્તાહમાં બેન્કોની રજાથી વ્યવહાર ખોરવાશે

**ગુજરાત વંદન,**

વર્ષનો છેલ્લો મહિનો એટલે કે ડિસેમ્બર બસ પૂરો થવાની તૈયારીમાં જ છે. ૮ દિવસ બાકી છે પછી નવું વર્ષ શરૂ થઈ જશે. આ બધા વચ્ચે બેંક સંલગ્ન અનેક એવા કામ છે જે તમારા માટે આ મહિનાના અંતમાં પૂરા કરવા જરૂરી છે. જો તમે આ મહિનામાં બેંક સંલગ્ન કામ કરવાના છોતો ફટાફટ પતાવી લો. આરબીઆઈ તરફથી બહાર પડેલા રજાઓના લિસ્ટ મુજબ આજથી ડિસેમ્બરમાં બેંકમાં ૬ રજાઓ છે. જો કે તેમાં અનેક સ્થાનિક રજાઓ પણ સામેલ છે. તો પછી ફટાફટ આ લિસ્ટ જરૂરથી ચેક કરી લો.

ડિસેમ્બરમાં આમ તો ૧૬ રજાઓ છે જેમાં ૪ રજા રવિવારની સામેલ છે. અનેક રજાઓ સતત પડી છે. આ મહિનામાં ક્રિસમસનો તહેવાર પણ આવે છે. જેની રજા લગભગ સમગ્ર દેશની બેંકોમાં રહે છે. જો કે તમને જણાવીએ કે દરેક જગ્યાએ બેંક ૧૬ દિવસ બંધ નથી રહેવાની કારણ કે કેટલીક રજાઓ સ્થાનિક હોવાના કારણે, તથા સ્થાન વિશેષ પર જ બેંકોમાં રજા રહેશે. આરબીઆઈની યાદી મુજબ રવિવાર ઉપરાંત મહિનાના બીજા અને ચોથા સનિવારે બેંક બંધ હોય છે.

અહીં આરબીઆઈની ડિસેમ્બર મહિનાની યાદી સાથે એ પણ જણાવવામાં આવી રહ્યું છે કે કયા દિવસે કયા રાજ્યમાં બેંક બંધ રહેશે અને ક્યાં ખુલ્લી રહેશે. જેના આધારે તમે તમારા બેંક સંલગ્ન કામકાજ ફટાફટ પતાવી લો. જેથી કરીને કોઈ મુશ્કેલી ન આવે.

# 5G સેવા પહેલાં મેટ્રો અને મોટા શહેરોમાં લોન્ચ કરાશે

**ગુજરાત વંદન,**

ભારતમાં ૫જીની ટ્રાયલ છેલ્લા બે વર્ષથી ચાલી રહી છે અને મે ૨૦૨૨ સુધી દેશમાં ૫જીની ટ્રાયલ ચાલશે. ૫જી ની કોમર્શિયલ લોન્ચિંગને લઈને સમગ્ર દેશ રાહ જોઈ રહ્યો છે પરંતુ અત્યાર સુધી કોઈ સત્તાકીય નિવેદન આપવામાં આવ્યુ નથી. હવે દૂરસંચાર વિભાગે કહ્યુ કે મેટ્રો અને મોટા શહેરોમાં ૫જી પહેલા લોન્ચ કરવામાં આવશે. દૂરસંચાર વિભાગ તરફથી જારી એક નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે ગુરુગ્રામ, બેંગલુરુ, મુંબઈ, દિલ્હી, અમદાવાદ, હૈદરાબાદ અને પૂણે જેવા મોટા શહેરોમાં ૫જી પહેલા લોન્ચ કરવામાં આવશે અને આ લોન્ચિંગ ટ્રાયલ પર નથી, પરંતુ કમર્શિયલ તબક્કે હશે. આ શહેરો પહેલેથી જ વોડાફોન આઈડિયા, જિયો અને એરટેલ પોતાના ૫જી નેટવર્કની ટ્રાયલ કરી રહ્યા છે. રિપોર્ટ અનુસાર ૫જીના નવા સ્પેક્ટ્રમની નીલામી માર્ચ-એપ્રિલ ૨૦૨૨માં થશે અને તે બાદ ૫જી નેટવર્કને લોન્ચ કરવામાં આવશે, જોકે સ્પેક્ટ્રમની કિંમતને લઈને કોઈ નિવેદન સામે આવ્યુ નથી. સ્પેક્ટ્રમની કિંમત વધારે હશે તો ૫જી ના પ્લાન પણ મોંઘા હશે. ઘણી મોંઘી છે કે નહી, આની પર ચર્ચા થઈ છે. મને લાગે છે કે આ સુનિશ્ચિત કરવા માટે કેટલીક બાબત કરવામાં આવી શકે છે કે ભારતીય લોકો માટે કવરેજ બનાવવા માટે રૂપિયા છે એરિક્સનમાં એશિયા પેસિફિકના મુખ્ય ટેકનોલોજી અધિકારી મેગ્નસ ઈવરબ્રિંગે તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં જણાવ્યુ.

### ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રીના હવે સૂર બદલાયા

# પાર્ટીના વિજય માટે ટીકા કરી હતી જ લાભદાયી છે : રાવત

- જે રીતે ક્રિકેટમાં કોચ અને કેપ્ટનનુ આગવુ સ્થાન હોય છે તેવું જ કોંગ્રેસ પાર્ટીમાં પણ હોવાનો રાવતનો અભિપ્રાય

**ગુજરાત વંદન,**



ઉત્તરાખંડના પૂર્વ સીએમ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા હરીશ રાવતના બળવાખોર વલણ બાદ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ બેઠક યોજીને તેમને મનાવી લીધા હોય તેમ લાગે છે. કારણકે હવે તેમના સૂર બદલાયા છે.હરીશ રાવતે કહ્યુ હતુ કે, ભારતીય ક્રિકેટ બોર્ડની જેમ જ ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટિ છે.જે રીતે ક્રિકેટમાં કોચ અને કેપ્ટનનુ આગવુ સ્થાન હોય છે તેવુ જ કોંગ્રેસ પાર્ટીમાં પણ છે.મેં જે પણ કહ્યુ હતુ તે પાર્ટીની જીત માટે કહ્યુ હતુ.ક્યારેક દુખ વ્યકત કરવુ પણ પાર્ટી માટે ફાયદાકારક હોય છે.

રાવતે આગળ કહ્યુ હતુ કે, કોંગ્રેસ એઆઈસીસી માલિક છે અને ઉત્તરાખંડના પ્રભારી કોચ છે પણ પ્લેઈંગ ઈલેવનના કેપ્ટનનુ પણ આગવુ સ્થાન હોય છે અને આ ત્રણ વચ્ચે સબંધ જરુરી છે. ભાજપ નો ડબલ એન્જિન શબ્દ દેખાડો છે.દેશમાં મોંઘવારીનો માર છે અને ઉત્તરાખંડમાં તો મોંઘવારી પહાડી રાજ્ય હોવાના કારણે વધી જતી હોય છે. દરેક પરિવાર પરેશાન છે.

ભાજપે શિક્ષણ વ્યવસ્થા પણ ખાડામાં નાખી છે.મને લાગે છે કે, આ ચૂંટણીમાં ઉત્તરાખંડના લોકો ભાજપને તડીપાર કરશે.

### કેન્દ્ર સરકારે આવકવેરાના રિટર્નની મુદત લંબાવી હતી

# ૩૧મી સુધીમાં ઈન્કમટેક્સ ન ભરનારા સામે પગલાં લેવાશે

- આવકવેરાદાતા આઈટીઆર ફાઈલ કરવાની છેલ્લી તારીખ ચૂકે તો પણ તેઓ ૩૧ માર્ચ સુધી ફાઈલ કરી શકે

**ગુજરાત વંદન,**

નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ (એવાય૨૧-૨૨) માટે આવકવેરા રિટર્ન (આઈટીઆર) ફાઈલ કરવાની નિયત તારીખ આ વર્ષની શરૂઆતમાં કેન્દ્ર સરકાર દ્વારા ૩૧ ડિસેમ્બર, ૨૦૨૧ સુધી લંબાવવામાં આવી હતી. દર વર્ષે આઈટીઆર ફાઈલ કરવાની સામાન્ય નિયત તારીખ ૩૧મી જુલાઈ હોય છે, પરંતુ આ વર્ષે કોવિડ-૧૯ના કારણે લાદવામાં આવેલા લોકડાઉનને કારણે તેને વધારીને ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૧ કરવામાં આવી છે. નિયત તારીખ નજીક હોવાથી, સામાન્ય વર્ગના કરદાતાઓમાં તેમના આઈટીઆર ફાઈલ કરવા માટે ધસારો થયો છે. તમને જણાવી દઈએ કે, સામાન્ય કેટેગરીના કરદાતાઓના ખાતાને ઓડિટ કરવાની જરૂર નથી.

પરંતુ, અહીં એક પ્રશ્ન છે કે જો કોઈ કરદાતા નિર્ધારિત તારીખ સુધીમાં આઈટીઆર ફાઈલ કરવામાં અસમર્થ હોય, તો નિષ્ણાતોના મતે, જે કરદાતાઓ નિયત તારીખ ચૂકી ગયા છે તેઓ હજુ પણ છેલ્લી તારીખ અથવા છેલ્લી સમયમર્યાદા સુધી તેમનો આઈટીઆર ફાઈલ કરી શકશે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે આઈટીઆર ફાઈલ કરવાની છેલ્લી તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૧ છે, જ્યારે છેલ્લી તારીખ ૩૧ માર્ચ, ૨૦૨૨ છે.

### નવા વર્ષ પહેલાં ઓમિક્રોન વેરિયન્ટે દેશને ડરાવ્યો

## રાજ્યો પોતાની રીતે પ્રતિબંધના નિર્ણય કરે : કેન્દ્ર સરકાર

**ગુજરાત વંદન,**

નવા વર્ષ પહેલા કોરોનાનો નવો વેરિઅન્ટ ઓમિક્રોન ડરાવી રહ્યો છે. આ દરમિયાન ગૃહ મંત્રાલયે રાજ્યોને સ્પષ્ટ આદેશ આપ્યા છે કે તે પોતાના સ્તર પર કોરોના અને નવા વેરિઅન્ટ સામે લડવા માટે કમર કસી લે. જેમાં કેન્દ્ર તરફથી એ પણ લખવામાં આવ્યુ છે કે તહેવારની સિઝનને જોતા પોતાના સ્તર પર પ્રતિબંધના નિર્ણય કરી શકે છે.

દુનિયાની સાથે-સાથે દેશમાં પણ ઓમિક્રોનનુ જોખમ વધતુ જઈ રહ્યુ છે. જોતજોતામાં ઓમિક્રોન દેશના ૧૯ રાજ્યો સુધી પહોંચી ગયો છે. દેશમાં અત્યાર સુધી ઓમિક્રોનના ૫૭૮ કેસ સામે આવ્યા છે. ગૃહ મંત્રાલયે એ પણ જણાવ્યુ કે ઓમિક્રોન અત્યારસુધી ૧૧૬ દેશો સુધી પહોંચી ગયો છે.

સોમવારે જારી પત્રમાં ગૃહ મંત્રાલયે લખ્યુ છે કે તમામ રાજ્ય યોગ્ય પગલા ઉઠાવો અને સતર્કતા જાળવી રાખો. રાજ્ય સરકારને એ પણ કહ્યુ છે કે તે લોકો નવા વેરિઅન્ટને લઈને પ્રેસ કોન્ફરન્સ દ્વારા યોગ્ય જાણકારી લોકો સુધી પહોંચાડો. ગૃહ મંત્રાલયે એ પણ કહ્યુ છે કે તહેવારો દરમિયાન ભીડને અટકાવવા માટે પ્રતિબંધ લગાવવા પર પણ રાજ્ય વિચાર કરે. પહેલા ક્રિસમસ અને હવે નવા વર્ષે ફરી આગળ મકર સંક્રાંતિ અને હોળી વગેરે તહેવારની સિઝનને ઓમિક્રોનને લઈને ચિંતા વધારી છે. છેલ્લા કેટલાક દિવસમાં પણ બજાર, મોલની એવી કેટલીક તસવીર આવી છે જે ભયાવહ છે. આવા સ્થળ પર ભીડ કોરોનાના નવા વેરિઅન્ટના કહેરને આમંત્રણ આપનારી સાબિત થઈ શકે છે. કેન્દ્રીય ગૃહ સચિવ તરફથી તમામ રાજ્યોને આ પત્ર લખવામાં આવ્યો છે. ગૃહ મંત્રાલયે કહ્યુ છે કે ઓમિક્રોન ડેલ્ટાની સરખામણીએ ૩ ગણો ઝડપથી ફેલાય છે. આનાથી કોરોનાની અટકાયતમાં નવો પડકાર માનવામાં આવી રહ્યો છે.

ગૃહ મંત્રાલયના પત્રમાં લોકોને પણ સાવધાની રાખવાની સલાહ આપવામાં આવી છે. લખવામાં આવ્યુ છે કે કોરોનાને રોકવા માટે જે નિયમ બનાવવામાં આવશે તેને ના માનવા પર સેક્શન ૫૦થી ૬૧ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ હેઠળ સજા થઈ શકે છે.

## વિશ્વમાં કોરોનાની ચોથી લહેરની શક્યતા : કેન્દ્રની ચેતવણી

**ગુજરાત વંદન,**

કેન્દ્રએ શુક્રવારે કેરળ (૬.૧%) અને મિઝોરમ (૮.૨%) માં ઉચ્ચ કોવિડ-પોઝીટીવીટી અંગે ચિંતા વ્યક્ત કરી હતી, કેમ કે છેલ્લા બે અઠવાડિયાથી દેશનો કોવિડ પોઝિટિવિટી દર ૧% થી નીચે છે ત્યારે આ બંને રાજ્યોનો કોવિડ પોઝિટિવિટી દર ખૂબ જ ઉંચો છે. જો કે દેશમાં એકંદરે સરેરાશ દૈનિક નવા કેસ ૭,૦૦૦ થી નીચે આવી છે. પરંતુ કેન્દ્ર સરકારે કોવિડ નિયમો અને સાવચેતીમાં ઢીલા વલણ સામે પણ ચેતવણી આપતા કહ્યું કે વિશ્વ મહામારીની ચોથી લહેર અને વૈશ્વિક સ્તરે ૬.૧% નો એકંદર પોઝિટિવિટી દર જોઈ રહ્યું છે.

આરોગ્ય સચિવ રાજેશ ભૂષણે જણાવ્યું હતું કે, ભારતમાં અત્યાર સુધીમાં બે લહેર જોવા મળી છે - એક સપ્ટેમ્બર ૨૦૨૦માં અને બીજો મે ૨૦૨૧માં. હાલમાં કેસોમાં ઘટાડો થઈ રહ્યો છે અને સાથે મહામારીથી મૃત્યુ પણ ઘટી રહ્યા છે.” તેમણે વધુમાં ઉમેર્યું કે “છેલ્લા ચાર અઠવાડિયાથી ભારતમાં દર ૨૪ કલાકે ૧૦,૦૦૦ થી ઓછા કેસ નોંધાઈ રહ્યા છે અને જો આપણે છેલ્લા બે અઠવાડિયામાં સરેરાશ નવા કેસ જોઈએ તો તે ૭,૦૦૦ કરતા ઓછા છે. આ સંખ્યા ઓછી છે. જો કે, મેં અગાઉ કહ્યું તેમ આપણે સાવધાની રાખવાની જરુર છે અને મહામારીના નવા નવા સ્વરુપો પ્રત્યે સતત જાગ્રત રહેવું પડશે.

### માલેગાંવ બ્લાસ્ટમાં નવો ખુલાસો - સાક્ષીએ કહી નવી હકીકત

# ‘યોગી અને RSSનું નામ આપવા હતુ દબાણ...’





**ગુજરાત વંદન,**

મહારાષ્ટ્રના માલેગાંવ બ્લાસ્ટના એક સાક્ષીએ સ્પેશિયલ ક્રૈંછમાં કોર્ટમાં ચોંકાવનારો દાવો કર્યો છે. કોર્ટમાં સાક્ષીએ જણાવ્યુ કે, મહારાષ્ટ્ર છ્જીએ તેમના પર સીએમ યોગી આદિત્યનાથ સહિત ઈજીજીના ૫ નેતાઓને ફસાવવા માટે દબાણ કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, મુંબઈ પોલીસના ભૂતપૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહને તે સમયે ATS ના એડિશનલ કમિશનર તરીકે પોસ્ટ કરવામાં આવ્યા હતા. આ સાક્ષીનું નિવેદન, ફરિયાદ પક્ષ તરફથી રજૂ કરવામાં આવ્યું હોવાથી ATS દ્વારા CRPCની કલમ ૧૬૧ હેઠળ તે સમયે રેકોર્ડ કરવામાં આવ્યું હતું.

માલેગાંવ બોમ્બ વિસ્ફોટના સાક્ષીએ કોર્ટને કહ્યું કે, પરમબીર સિંહ અને રાવ નામના અધિકારીએ તેના પર યોગી આદિત્યનાથ અને RSSના અન્ય ચાર નેતાઓ ઈન્દ્રેશ કુમાર, સ્વામી અસીમાનંદ, કાકાજી ને લઈને તેના પર દબાણ કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે તે દરમિયાન તેને મુંબઈ અને પુણે ATSની ઓફિસમાં ગેરકાયદેસર રીતે અટકાયતમાં રાખવામાં આવ્યો હતો અને ધમકી આપી હતી કે જો તે આમ નહીં કરે તો તેને છોડવામાં આવશે નહીં અને અન્ય આરોપીઓની જેમ જ તેણે સજા ભોગવવી પડશે.ત્યારે હાલ NIA કોર્ટમાં સાક્ષીએ પોતાનું ૫ પાનાનું નિવેદન નોંધીને સૌ કોઈને ચોંકાવી દીધા છે.

#### માલેગાંવ બ્લાસ્ટમાં ૬ લોકોના મોત થયા હતા

તમને જણાવી દઈએ કે, ૨૯ સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ માલેગાંવમાં એક મોટરસાઈકલમાં થયેલા વિસ્ફોટમાં ૬ લોકોના મોત થયા હતા. તેમજ ૧૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા. તે જ સમયે આ કેસની તપાસ મહારાષ્ટ્ર ATSને સોંપવામાં આવી હતી. જોકે, છ્જીએ આ કેસમાં ભોપાલના સાંસદ સાધ્વી પ્રજ્ઞા, લેફ્ટનન્ટ કર્નલ પુરોહિત, સમીર કુલકર્ણી, અજય રાહિલકર, રમેશ ઉપાધ્યાય, સુધાકર દ્વિવેદી અને સુધાકર ચતુર્વેદીને દોષી ઠેરવ્યા હતા. આ તમામ સામે હત્યા, હત્યાનો પ્રયાસ સહિત આતંકવાદની વિવિધ કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. સાથે જ આ આરોપોમાં આરોપીને આજીવન કેદથી લઈને મૃત્યુદંડની સજાની જોગવાઈ કરવામાં આવી હતી.ત્યારે હાલ સાક્ષીના નિવેદનથી ખળભળાટ મચી ગયો છે.

#### અત્યાર સુધીમાં કુલ ૧૫ સાક્ષીઓ નિવેદનોથી પલટી ગયા..

વિસ્ફોટ બાદ માલેગાંવના આઝાદ નગર પોલીસ સ્ટેશનમાં ૩૦ સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ કેસ નોંધવામાં આવ્યો હતો.આ મામલો આતંક સાથે સંબંધિત હોવાથી મહારાષ્ટ્ર સરકારના આદેશ બાદ મહારાષ્ટ્ર એટીએસે આ મામલાની તપાસ હાથ ધરી હતી અને ૨૧ ઓક્ટોબર, ૨૦૦૮ના રોજ એફઆઈઆરમાં UAPA અને MCOCAની કલમો લગાવવામાં આવી હતી. આ કેસમાં અત્યાર સુધીમાં ૨૦ જેટલા સાક્ષીઓની તપાસ કરવામાં આવી છે, જેમાંથી ૧૫ સાક્ષીઓ ફરી ગયા છે.

# ગુજરાત વંદન તંત્રીલેખ

## સાવચેતી જરૂરી...

છેલ્લા કેટલાક સમયથી કોરોના મહામારીનો ગાળો ચાલી રહ્યો છે. તમામ લોકો આના કારણે કોઇને કોઇ રીતે પરેશાન છે. તમામ લોકો આના કારણે આરોગ્ય પ્રત્યે સાવધાન થઇ ગયા છે. આપે એ કહેવત તો સાંભળી જ હશે કે પ્રિવેન્શન ઇઝ બેટર દેન ક્યોર. સીધા શબ્દોમાં સમજવામાં આવે તો આનો અર્થ એ છે કે જીવનમાં સાવધાની ખુબ જ જરૂરી છે. શરીરના મામલે તો આ કહેવત વધારે યોગ્ય છે. કારણ કે સાવધાની રાખીને કેટલાક રોગથી બચી શકાય છે. સાથે સાથે દવા પર આત્મનિર્ભરતા ઘટી શકે છે. વાત જ્યારે પ્રિવેન્ટિવ કેરની આવે છે ત્યારે લોકોને લાગે છે કે આના કારણે ખિસ્સા પર બોજ વધી શકે છે. પરંતુ પ્રિવેન્ટિવ કેર પર ખર્ચ કરવાની સ્થિતીમાં પૂર્ણ ખર્ચ અને સંભવિત તકલીફથી બચી શકાય છે. આના કારણે પર્ણ આરોગ્ય સંભાળ પર ખર્ચ ઘટી જાય છે. આજના દોરમાં લાઇફ ફાસ્ટ બની ચુકી છે. જીવનમાં ગુણવત્તાની તરફ વધવાનો અર્થ એ નમતી કે આરોગ્ય સાથે બાંધછોડ કરવામાં આવે. અમે અમારી લાઇફમાં વ્યસ્ત રહીએ છીએ. જીવનમાં તમામ બાબતો યોગ્ય દિશામાં આગળ વધે છે. એકાએક બ્રેક વાગી જાય છે. આવી સ્થિતીમાં લાઇફ દવા પર આધારિત બની જાય છે. બિમારીને કઇ રીતે દુર રાખી શકાય છે તે બાબત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તે જરૂરી છે. જાણકાર તબીબ કહે છે કે વ્યસ્ત લાઇફમાં થોડાક બ્રેક લેવામાં આવે તે જરૂરી છે. જે લોકો ૮થી ૧૦ કલાક સુધી કામ કરે છે તે લોકો ડેસ્ક પર ખાવા પીવાની બાબત પસંદ કરે છે. આના કારણે દાંત, પીઠ અને કમરની તકલીફ થઇ જાય છે. હાર્ટની બિમારી પણ થઇ જાય છે. મેટ્રો શહેરોમાં સ્ટ્રેસ લેવલ વધારે હોય છે. જેથી આરોગ્યને ફિટ રાખવા માટે તબીબોની મદદ સતત લેવામાં આવે છે. ફિટ અને સ્વસ્થ રહેવા માટે શહેરોમાં રહેતા લોકો નિયમિત રીતે ચેક અપ કરાવતા રહે તે જરૂરી છે. આ ઉપરાંત દરેક કલાકમાં ફળ અને પાણીનો ઉપયોગ કરવામાં આવે તો પણ સીધો લાભ શરીરને થાય છે. કામથી થોડાક બ્રેકની જરૂર હોય છે. બ્રિથિંગ એક્સરસાઇઝની પણ શરીરને જરૂર હોય છે. મસલ્સને સ્ટ્રેસ કરવામાં આવે તે જરૂરી હોય છે. તબીબો કહે છે કે પ્રિવેન્ટિવ કેરનો અર્થ છે કે પોતાને ફિટ રાખવા માટે તમે સાવધાન છો. પોતાની હેલ્થ પર ધ્યાન રાખવામાં આવે તે સમયની માંગ છે. આ દિશામાં કોઇ પણ પહેલ કરવાથી લાભ તો એકંદરે તમને જ થનાર છે.

## અન્ટાર્કટિકાથી જળ પ્રલય આવી શકે

અન્ટાર્કટિકાથી હવે જળપ્રલય આવવામાં વધારે સમય ગાળો રહ્યો નથી. વિશ્વભરના વૈજ્ઞાનિકો જુદા જુદા ક્ષેત્રમાં અભ્યાસ કરવામાં લાગેલા છે પરંતુ આ જળપ્રલયને રોકવામાં તેમને સફળતા મળે તેમ માનવા માટે કોઇ કારણ નથી. કારણ કે જે ગતિથી સ્થિતી બદલાઇ રહી છે તે ખતરનાક સ્થિતી તરફ સંકેત આપે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં અન્ટાર્કટિકાના વિશાળ થ્વેટ્સ ગ્લેશિયર હવે એ વિસ્ફોટક સ્તર પહોંચવાની તૈયારીમાં છે જેના બાદ દરિયાઇ સપાટી ૨૦ ઇંચ સુધી વધી જવાથી કોઇ રોકી શકે તેમ નથી. જો આવુ થશે તો દુનિયાભરના દેશોના દરિયાઇ કાઠા પર આવેલા વિસ્તારના ભુગોળ હમેંશા માટે બદલાઇ જશે. એક ચિંતાજનક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે હવે આવી સ્થિતી સર્જાવવામાં વધારે સમય રહ્યો નથી. આ સમય માત્ર ૧૫૦ વર્ષ પછી આવી શકે છે. સમગ્ર ગ્લેશિયર એવી અસ્થિરતા તરફ વધે છે જેથી ચિંતા થાય તે સ્વાભાવિક છે. ગ્લોબલ વોર્મિંગના પૂર્વના સ્તરથી હાલમાં દરિયાઇ સપાટી આઠ ઇંચ ઉપર છે. સાથે સાથે દુનિયાભરમાં દરિયા કાઠાના વિસ્તારોમાં પુર આવવા માટે આને જ મોટા ભાગે જવાબદાર ગણવામાં આવે છે. જાણકાર લોકો કહી રહ્યા છે કે કિનારાના વિસ્તારોમાં હિમના વિસ્તારો સંકુચિત થઇ રહ્યા છે. હિમમાં તિરાડો પડી રહી છે. દરિયાની સપાટી પર નવા હિમખંડોનુ નિર્માણ થઇ રહ્યુ છે.

અસ્થિરતાની જો શરૂઆત થઇ જશે તો રોકવા માટેની બાબત ખુબ મુશ્કેલરૂપ બની જશે. અભ્યાસમાં ભાગ લેનાર ડોક્ટર એલેક્સ રોબેલ જે જ્યોર્જિયા ઇન્સ્ટીટ્યુટમાં વિજ્ઞાન પ્રોફેસર છે તેમના કહેવા મુજબ જો તમે આ ગ્લેશિયરની અસ્થિરતા માટે કારણ બનો છો તો પછી આપને આવુ કરવા માટે તાપમાનને વધારે વધારી દેવાની કોઇ જરૂર પડશે નહીં. ત્યારબાદ ગ્લેશિયર તો જાતે જ ઓગળવાની પ્રક્રિયામાં રહેશે. આ જ કારણ ચિંતાનુ પણ છે. દુનિયાના દેશો હાલમાં આ પ્રક્રિયાને રોકવા માટે વિવિધ પગલા લેવા પર કામ કરી રહ્યા છે. જળ પ્રલયની સ્થિતી સર્જાઇ શકે છે તેવી ચેતવણી જારી કરવામાં આવ્યા બાદ દુનિયાના દરિયા કાઠાના વિસ્તારોમાં રહેતા લોકોની તકલીફમાં વધારો થઇ શકે છે. જો કે આને રોકવા માટે પહેલ અને પ્રયોગો સફળ રહેશે કે કેમ તે અંગે હાલમાં વાત કરવી સરળ નથી. ગ્લોબલ વોર્મિંગના કારણે દુનિયાના દેશો હાલમાં પરેશાન થયેલા છે. આના કારણે કુદરતી હોનારતોનો દોર ચાલી રહ્યો છે.દુનિયાના દેશોમાં કોઇને કોઇ જગ્યાએ પુર અને વધારે વરસાદની સ્થિતી સર્જાઇ રહી છે. કેટલીક જગ્યાએ દુકાળની સ્થિતી સર્જાઇ રહી છે.

વાવાઝોડાના કારણે દુનિયાના દેશોમાં ભારે નુકસાન થઇ રહ્યુ છે. અમેરિકા અને યુરોપના દેશો પણ ગ્લોબલ વોર્મિંગથી ગ્રસ્ત થઇ રહ્યા છે. ગ્લોબલ વોર્મિંગની સામે અમેરિકા અને ભારત સહિતના દુનિયાના દેશો બેઠકો કરી રહ્યા છે. આની અસરને ઘટાડી દેવા માટે શુ કરવામાં આવે તે દિશામાં પહેલાથી જ રૂપરેખા તૈયાર કરવામાં આવી ચુકી છે. દુનિયાના દેશો આ તમામ ધારાધોરણને પાળી પણ રહ્યા છે. જો કે આને લઇને ઉદાસીનતા હજુ પણ રહેલી છે.

# યોગ આર્થરાઈટિસ પીડાને ઘટાડે છે

**○ એસિડ બને છે તેવી ચીજો ઉપયોગમાં ઓછી લેવા માટે નિષ્ણાંત લોકોની સલાહ : આર્થરાઈટિસથી વ્યક્તિ માનસિક રીતે તુટી જાય છે**



વિશ્વના દેશોમાં યોગનો ક્રેઝ સતત વધી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પહેલ પર સંયુક્ત રાષ્ટ્ર દ્વારા થોડાક વર્ષો પહેલા યોગને માન્યતા આપી દેવામાં આવ્યા બાદ યોગના કારોબારનુ કદ સતત વધી રહ્યુ છે. બીજી બાજુ યોગના રહેલા ફાયદા પણ લોકોની સામે આવી રહ્યા છે. હવે એવુ પણ જાણવા મળ્યુ છે કે વધતી વયમાં આર્થરાઇટિસના ખતરાને પણ યોગ ઘટાડી દે છે. આર્થરાઇટિસની સારવાર વેળા ખાવા પીવાની ચીજોથી લઇને સાવધાની રાખવાની તાકીદની જરૂર હોય છે.

નિષ્ણાંતોની સલાહથી જીવનશેલી બદલીને આગળ વધી શકાય છે. આવી ચીજો ઓછી ઉપયોગમાં લેવી જોઇએ જેના કારણે એસિડ બને છે. નિયમિત યોગની કસરત કરવાથી ખુબ ફાયદા થાય છે. આર્થરાઇટિસની કલીફ વધતી વયની સાથે સાથે આવે છે. વધતી વયની એક મોટી અને ગંભીર સમસ્યા તરીકે આને જોઇ શકાય છે. જો કે કેટલાક લોકો માને છે કરે માંસપેશિઓ અને જોડમાં દુખાવાની ફરિયાદ અને સમસ્યા વધતી વયની સાથે થાય છે. જો કે આ પ્રકારની વિચારધારા ખોટી છે. ભાગદોડની લાઇફમાં યુવાનો પણ આ બિમારીના સકંજામાં આવી રહ્યા છે. આ રોગના કારણે વ્યક્તિની આખા દિવસની ગતિવિધી ખોરવાઇ જાય છે.

પિડા અને દુખાવાની સ્થિતી એવી હોય છે કે વ્યક્તિ માનસિક રીતે તુટી જાય છે. આવી સ્થિતીમાં સંયમની સાથે જીવનશેલીમાં ફેરફાર કરીને આગળ વધી શકાય છે. આનાથી રાહત મેળવી લેવા માટે યોગ ક્રિયાઓ હાથ ધરવામાં આવે તે જરૂરી છે.આ રોગથી ગ્રસ્ વ્યક્તિ માનસિક વિકારની ચપેટમાં આવી જાય છે. આનાથી બચવા માટે કેટલાક યોગની સલાહ નિષ્ણાં લોકો આપે છે. જેમાં શવાસન, સહિતના યોગ સામેલ છે. આ રોગના કારણે પિડાથી વ્યક્તિ માનસિક રીતે દુખી થઇ જાય છે. માનસિક રીતે મજબુર થઇ જાય છે અને તે કામમાં ધ્યાન આપી શકતી નથી. આર્થરાઇટિસની મન અને શરીર પર સીધી રીતે અસર થાય છે. તેમાં પિડામાં ઘટાડો થાય તે જરૂરી છે.

વધતી જત વયની સાથે સાથે આર્થરાઇટિસની સમસ્યાથી બચવા માટે કેટલાક પ્રયોગો કરી શકાય છે., આ સમસ્યાથી દુર રહેવા માટે યોગની નિયમિત પ્રેકટીસ શરીર માટે ફાયદાકારક સાબિત થાય છે. મેડિટેશનથી રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. આમાં થનાર ઉતારચઢાવને સંતુલિ રાખવામાં યોગ અસરકારક ભૂમિકા અદા કરે છે. વધતી વયની સાથે યોગ કરવામાં આવે તો સીધો ફાયદો થાય છે. યાદશક્તિમાં પણ વધારો થાય છે. યોગના કારણે દુનિયાના તમામ દેશો ભારત સાથે જોડાઈ રહ્યા છે. છેલ્લા ચાર વર્ષના ગાળામાં ખુબ મોટી સંખ્યામાં યોગ ફીચર્સની માંગ વધી છે. વિશ્વમાં યુવાઓ માટે એક નવા જોબ માર્કેટની રચના થઇ છે. ભારતના પ્રયાસોના કારણે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા યોગ દિવસને માન્યતા આપવામાં આવી હતી. આના માટે ૨૧મી જુનની પસંદગી કરવામાં આવી કારણ કે તે દુનિયાના મોટા ભાગના હિસ્સામાં સૌથી લાંબા દિવસ તરીકે રહે છે.

મોદીએ યોગને પણ દરરોજના જીવના એક હિંસ્સા તરીકે બનાવી લેવા મોદીએ અપીલ કરી હતી. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરવામાં આવેલા તમામ દિવસોમાં યોગ દિવસ જ જન આંદોલન તરીકે છે. યોગ મૃત્યુ બાદ શુ મળશે તેના માટેનો રસ્તો બતાવનાર નથી જેથી તે ધાર્મિક કર્મકાંડ નથી. આ પરલોક વિજ્ઞાન નથી. એક પણ પૈસા ખર્ચ કર્યા વગર આના કારણે હેલ્થ વીમા મળી જાય છે. યોગ નાસ્તિક અને આસ્તિક બન્ને માટે છે.

મોદીએ કહ્યુ હતુ કે લોકો તેમને યોગ અંગે પુછે છે ત્યારે તેઓ સરળ ભાષામાં એ બાબત સમજી દેવાના પ્રયાસ કરે છે જે જે રીતે ભોજનમાં મીઠુ ઉપયોગી હોય છે તે જ રીતે યોગ પણ જીવનમાં ઉપયોગી છે. જે રીતે મીઠુ ન હોય તો ભોજનની મજા આવતી નથી તે જ રીતે યોગ છે. આને લાઇફના એક હિસ્સા તરીકે અપનાવવા માટે મોદીએ લોકોને અપીલ કરી હતી. શરીર, આત્માને જોડવાનુ કામ યોગે કર્યુ છે.

# રાજનીતિ : સમય સાથે સંબંધો બદલે છે

**અડવાણી યુગ બાદ મોદી યુગમાં પણ નાયડુના સંબંધ એનડીએમાં સારા હતા પરંતુ ધીમે ધીમે તેઓ એનડીએથી દુર થતા ગયા છે**

**○ એક સમય ચન્દ્રાબાબુ એનડીએના સૌથી વિશ્વાસપાત્ર નેતા હતા...**



રાજનીતિને લઇને કહેવામાં આવે છે કે અહી સમયની સાથે સાથે સંબંધો પણ બદલાઇ જાય છે. એક સમય હતો જયારે ટીડીપી નેતા અને આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાન ચન્દ્રબાબુ નાયડુ એનડીએના સૌથી વિશ્વાસપાત્ર નેતા તરીકે હતા. અડવાણી યુગ બાદ મોદી યુગમાં પણ તેમના સંબંધ સારા રહ્યા હતા. જો કે ધીમે ધીમે તેમના સંબંધ એનડીએ સાથે વણસતા રહ્યા હતા. આંધ્રપ્રદેશને ખાસ રાજયનો દરજ્જો આપવાની માંગ સ્વીકારવામાં ન આવતા આખરે નાયડુ એનડીએ સાથે અલગ થઇ ગયા હતા. આજે નાયડુ એનડીએના સૌથી મોટા વિરોધી તરીકે ઉભરી રહ્યા છે. મોદી સરકારને કોઇ પણ રીતે હાર આપવા માટે દરેક રણનિતી તેઓ અપનાવી રહ્યા છે. નાયડુ વારંવાર કહી ચુક્યા છે કે તેઓ વડાપ્રધાન પદના ઉમેદવાર નથી પરંતુ રાષ્ટ્રીય રાજનીતિમાં નાયડુ સૌથી વધારે સક્રિય દેખાઇ રહ્યા છે. કિંગ મેકરની ભૂમિકા અદા કરવા માટેના પ્રયાસમાં લાગેલા છે. ભાજપ વિરોધી તમામ મોટા પક્ષોના નેતાઓને એક મંચ પર લાગવાના પ્રયાસમાં નાયડુ લાગેલા છે. ભાજપની સામે તમામ મોટા દિગ્ગજોને તેઓ એક મંચ પર લાવવા માટે પ્રયાસ કરી રહ્યા છે. આના ભાગરૂપે નાયડુમાં ડેરો જમાવી ચુક્યા છે. હાલમાં તેઓએ રાહુલ સહિત તમામ પાર્ટી નેતાઓન મળ્યા છે. થોડાક મહિના પહેલા એનડીએથી અલગ થઇ ચુકેલા ટીડીપી વડા અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ વિરોધ પક્ષોના મોટા નેતાઓને એક મંચ પર લાવવા માટેના મિશનમાં જોરદારરીતે લાગેલા છે. આજ હેતુસર નાયડુ દિલ્હીમાં જુદા જુદા નેતાઓ સાથે બેઠક યોજી ચુક્યા છે. નાયડુએ એનસીપી પ્રમુખ શરદ યાદવ અને નેશનલ કોન્ફરન્સના નેતા ફારુક અબ્દુલ્લા સાથે બેઠક યોજી છે. તમામ દળોના નેતાઓ સાથે બેઠકોને લઇને નાયડુ પહેલાથી જ ખુલાસો કરી ચુક્યા છે કે, રાષ્ટ્રીય સ્તર પર વિપક્ષી દળોનું ગઠબંધન બનાવવા તેમની ભૂમિકા રસ્તો કરનાર તરીકેની છે. મહા બેઠક બાદ ચંદ્રબાબુએ ફારુક અબ્દુલ્લા અને શરદ પવાર સાથે સંયુક્ત પત્રકાર પરિષદ યોજી છે. નાયડુએ શરદ પવારને દેશના મોટા નેતા તરીકે ગણાવીને પોતાને નાના નેતા તરીકે ગણાવ્યા છે. લોકશાહી અને તપાસ સંસ્થાઓની સ્થિતિ સારી દેખાઈ રહી નથી. બીજા નેતાઓ સાથે પણ વાતચીત થઇ છે. નાયડુએ કહ્યું હતું કે, રાહુલ ગાંધી સાથે પણ વાતચીત થઇ છે. ૨૦૨૪ની ચૂંટણીમાં ભાજપનો સામનો કરવા માટે તમામ પક્ષોને એક સાથે લાવવામાં આવે તે જરૂરી છે. ભાજપના સાથી રહી ચુક્યા છે. નાયડુએ આંધ્રપ્રદેશને ખાસ રાજયનો દરજ્જો ન મળવાથી નારાજ થઇને આ વર્ષની શરૂઆતમાં એનડીએ સાથે છેડો ફાડી દીધો હતો. નાયડુએ દિલ્હીમાં બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતી અને ફારુક સાથે બેઠક યોજી હતી. રાજકીય ઘટનાક્રમનો દોર જોરદારરીતે ચાલી રહ્યો છે. લોકસભા ચૂંટણીમાં તમામ ક્ષેત્રિય પક્ષો પોતપોતની મહત્વકાંક્ષાઓ સાથે રણનીતિ બનાવવામાં લાગેલા છે. આવી સ્થિતિમાં નાયડુ પોતે પણ ભાજપ વિરોધી મોરચાને લઇને સક્રિય છે. માયાવતી અને બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પોતે પણ જુદા જુદા મોરચાને લઇને આગળ વધી રહ્યા છે.નાયડુ માને છે કે મોદી સામે જોરદાર જનાક્રોશ છે. નાયડુ માને છે કે મોદીએ જે વચનો આપ્યા હતા તે પૈકી કોઇ વચન પાળ્યા નથી. નાયડુ માને છે કે મોદી શાસનમાં મોંઘવારી ચરમસીમા પર છે. મોદી અને ભાજપ સામે વિકલ્પ ઉભા કરવાના પ્રયાસ થઇ રહ્યા છે. જનભાવનાને ધ્યાનમાં લેવામાં આવી રહી છે. મોદી સરકારને દુર કરવા માટે જયારે પ્રજા મન બનાવી ચુકી છે ત્યારે રાજકીય પક્ષોએ તક શા માટે ગુમાવવી જોઇએ. મહાગઠબંધનને લઇને વિરોધ પક્ષો દુવિધામાં છે. પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી પહેલા વિરોધ પક્ષો એકમત દેખાઇ રહ્યા નથી છતાં નાયડુ આશાવાદી બનેલા છે.નાયડુ છેલ્લા કેટલાક સમયથી સતત પ્રયાસ કરી રહ્યા છે. તેમના પ્રયાસોને સફળતા મળશે કે કેમ તે તો સમય બતાવશે પરંતુ એક સમય એનડીએના સૌથી મોટા વિશ્વાસુ નેતા તરીકે રહી ચુકેલા નાયડુ હવે એનડીએના સૌથી મોટા દુશ્મન બનવા જઇ રહ્યા છે.

# માર્ગ અકસ્માતો : રોજ ૪૦૦ના મોત

**○ લાપરવાહી, વધારે પડતી સ્પીડ અને નિયમોના સતત ભંગના કારણે અકસ્માતો : સજાને કડક કરવામાં આવી શકે : રસ્તાઓને સુધારી શકાય**

માર્ગ અકસ્માતોને રોકવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં તેની કોઇ અસર દેખાઇ રહી નથી. માર્ગ અકસ્માતોના કારણે દેશમાં દરરોજ ૪૦૦થી પણ વધારે લોકોના મોત થઇ રહ્યા છે. હાલમાં જારી કરવામાં આવેલા હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે માર્ગ અકસ્માતોના કારણે દેશમાં હાલત કફોડી બનેલી છે. આના માટે કોઇ એકને કોઇ પણ રીતે જવાબદાર ઠેરવી શકાય નહીં. હાલમાં જારી કરવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે માર્ગ અકસ્માતોની વાત કરવામાં આવે તો ઉત્તરપ્રદેશ અને તમિળનાડુમાં સૌથી વધારે અકસ્માત થાય છે. માર્ગ અકસ્માતોના કારણે આંકડા ચિંતાજનક રીતે સપાટી પર આવ્યા બાદ વધુ ગંભીરતાપૂર્વક ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. માર્ગ અકસ્માતોને રોકવા માટે માર્ગો પર દરેક પ્રકારના સિગ્નલ, બંપ અને ડિવાઇડર રાખવામાં આવ્યા હોવા છતાં બનાવો બની રહ્યા છે. માર્ગ અકસ્માતોને રોકવા માટે ભરચક રહેતા વિસ્તારોમાં રસ્તાને પણ વધારે પહોળા કરવામાં આવ્યા છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા હાલમાં રજૂ કરવામાં આવેલા આંકડા તમામ લોકોને ચિંતામાં મુકે તેવા રહેલા છે.

આંકડા મુજબ માર્ગ દુર્ઘટનામાં વર્ષ ૨૦૧૫ અને વર્ષ ૨૦૧૭માં ક્રમશ ૧.૪૬ લાખ અને ૧.૫ લાખ લોકોના મોત થયા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૧૮, ૨૦૧૯ના ગાળા દરમિયાન માર્ગ અકસ્માતોમાં આંશિક ઘટાડો થયો હતો. જો કે જીવલેણ અકસ્માતોનો દોર હજુ જારી રહ્યો છે. છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં જ ઉત્તરપ્રદેશમાં સૌથી વધારે માર્ગ દુર્ઘટનામાં મોત થયા છે. ત્યારબાદ બીજા સ્થાને તમિળનાડુ છે. તમિળનાડુમાં પણ મોટી સંખ્યામાં માર્ગ અકસ્માતો થતા રહે છે. બંને રાજયોની વાત કરવામા આવે તો વર્ષ ૨૦૧૬ અને વર્ષ ૨૦૧૭માં દેશભરમાં થયેલા તમામ મોત પૈકી એક ચતુર્થાંશ મામલા આ બંને રાજ્યોમાં નોંધાયા હતા. વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯ના આંકડાના સંબંધમાં માહિતી પૂર્ણ રીતે મળી શકી નથી. માર્ગ અકસ્માતોમાં થનાર મોતના મામલામાં રાજસ્થાન પણ પાછળ નથી. તે પાંચમાં સ્થાન પર છે. મધ્યપ્રદેશ છઠ્ઠા સ્થાન પર છે.માર્ગ અકસ્માતોના કારણોની વાત કરવામાં આવે તો કેટલાક કારણો રહેલા છે. જે પૈકી જે કારણ મોટા ભાગે સપાટી પર આવી ચુક્યા છે તેમાં ઓવર સ્પીડ અને નશામાં રહીને વાહન ચલાવવાની બાબત સૌથી ઉપર રહી છે. ચાલકનુ ધ્યાન અન્યત્ર જવાની સ્થિતીમાં પણ માર્ગ અકસ્માત થઇ જાય છે.

ખોટી લેનમાં ગાડી ચલાવવાના કારણે પણ અકસ્માતો થઇ જાય છે. કાર ચલાવતી વેળા સીટ બેલ્ટ ન પહેરવાની સ્થિતીમાં પણ માર્ગ અકસ્માતમાં ખતરો વધારે રહે છે. આ ઉપરાંત લાલ બત્તીને જંપ કરવાની બાબત પણ અકસ્માતને આમંત્રણ આપે છે. બાઇક અથવા તો મોટરસાઇયકલ ચલાવતી વેળા હેલ્મેટ ન પહેરવાની બાબત પણ અસર કરે છે. હેલ્મેટ યોગ્ય ગુણવત્તા સાથે પહેરવાની બાબત ઉપયોગી રહે છે. જો કેટલાક પગલા લેવામાં આવે તો માર્ગ અકસ્માતોને કેટલાક અંશે રોકી શકાય છે. જે પૈકી સૌથી પહેલા તો નશા અને ઓવરસ્પીડમાં ગાડી ચલાવનારની સામે કાર્યવાહી થાય તે જરૂરી છે. માર્ગ અકસ્માતોને રોકવા માટે દેશના કેટલાક ભાગોમાં જે માર્ગોની સ્થિતી છે તેમાં પણ સુધારો કરવાની જરૂર છે. ટ્રાફિકને નિયંત્રિત કરી શકે તેવા સાધન પુરતા પ્રમાણમાં તમામ રસ્તા પર સ્થાપિત કરવામાં આવે તે જરૂરી છે. આ તમામ સાધન યોગ્ય રીતે કામ કરે છે કે કેમ તેની ચકાસણી થવી જોઇએ. રોન્ગ સાઇડમાં ક્યારેય ગાડી ચલાવવી જોઇએ નહીં. સેફટી ગિયર અને સીટ બેલ્ટનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો અકસ્માતોને ટાળી શકાય છે.

માર્ગ અકસ્માત ભારતમાં મોટા ખતરા તરીકે રહે છે. જો કે આના કારણ પણ મોટા ભાગે લાપરવાહી અને બેદરકારી હોય છે. અકસ્માતોને રોકવા માટે જુદી જુદી સમિતિ દ્વારા અનેક વખત ભલામણ કરવામાં આવી છે. આ ભલામણો તરફ ધ્યાન આપીને પગલા લેવામાં આવ્યા હોવા છતાં માર્ગ અકસ્માતોને રોકવા માટે તંત્રને નોંધનીય સફળતા મળી નથી. આંકડા પરથી આ બાબત સાબિત થઇ જાય છે.માર્ગ અકસ્માતોને રોકવા માટે જુદા જુદા સ્તર પર તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. જો કે સૌથી પહેલા તો વ્યક્તિગત લોકોને ડ્રાઇવિંગ કરતી વેળા તમામ કાળજી રાખવાની જરૂર હોય છે. જેમાં વાહનની ગતિ પણ છે.

# હે ૨૦૨૨, અમી ભરેલી નજરૂ રાખજો.. વાઈરસનો નાશ કરજો..!!

**ખાસ અહેવાલ - દિનેશ રાજપૂત**
**ગુજરાત વંદન,**

જાણીતા ગઝલકાર ગની દહીવાલાની ખૂબ સારી પંકતિઓ છે- દિવસો જુદાઇના જાય છે એ જશે જરૂર મિલન સુધી, મારો હાથ ઝાલીને લઇ જશે મુજ શત્રુઓ જ સ્વજન સુધી..તેને જરા આમ કહીએ તો.....

દિવસો કોરોનાના જાય છે એ જશે જરૂર નોર્મલ સુધીપ, મારો હાથ ઝાલીને લઇ જશે વાઇરસ દિલના બાગ સુધીપ અને કહેશે- જા મોજ કરો મૈં તો ચલાપ! કાશ ઐસા હોતાપકાશ ઐસા હોગાપશું ખરેખર એવુ થશેપકેમ કે ૨૧મી સદીના બીજા દાયકાનુ પહેલુ વર્ષ એટલે કે ૨૦૨૧ ધીરેપધીરેપકાળની ગર્તામાં સરકી રહ્યું છે અને નવુ વર્ષ ૨૦૨૨ બાળક ગર્ભમાંથી બહાર આવવા ડોક્યુ કરે તેમ આમ તેમ નજર ઘૂમાવીને આવુ..ના આવુપઆવુ ના આવુપની જેમ કરી રહ્યું છે પણ આના હી હોગા તુઝે આના હી હોગા..ની જેમ ૨૦૨૨નું નવુ વર્ષ આવ્યુ જ સમજો અને તેની સાથે ક્રોન..ક્રોનપઓમિક્રોન પણ.!

૨૦૧૯માં રોના ધોના કોરોનાનું આગમન થયું. આગમન થયુ કરતાં ધકેલવામાં આવ્યુંપચીનની મજબૂત દિવાલોની પેલે પારથી અને જોત જોતામાં જ્યાં જ્યાં નજર મારી ફરે..ની જેમ જ્યાં જ્યાં માનવી ફરેપતેમ કોરોના તેની સાથે શહેર..શહેરપગલી..ગલી.. અને પછી ગોમે ગોમે..પહોંચી ગયો..! લોકડાઉનના કપરા કાળમાંથી ભારત અને દુનિયા માંડ બહાર આવી..અને રસીકરણ શરૂ થયુપભારે વિદાયમાન વર્ષ ૨૦૨૧માં ૧૦૦ કરોડ રસીના ડોઝ લગાવ્યાનો રેકોર્ડ બનાવ્યો. છતાં ગુજરાતમાં હજુ ઘણાં સમુદાયો અને લોકો એવા છે કે જે એમ કહે છે કે, ના હું તો રસી ના મેકાઉપમુને કાંઇ નો થાય..!!

૨૦૨૧માં જેઓ ગુજરાતમાં અને ભારતના હજારો ગામડાઓમાં આવી માનસિકતા રાખીને રસી ન લેતા હોય તેમને પકડી પકડીને રસી આપવી પડે તેમ છે. કેમ કે તબીબોના મતે વર્તમાન કોરોના કાળમાં રસી વગરના લોકો પોતે એક જોખમ છે અને તે બીજાનો જાન પણ જોખમમાં મૂકી રહ્યાં છે. બે ડોઝવાળાઓને નવા વર્ષમાં બુસ્ટર ડોઝ આપવો જોઇએ જેથી એન્ટીબોડી જળવાઇ રહે અને તેઓ પણ બે હજાર બાવીસ..હું તો હવે નાચીશપકહીને નાચગાન કરી શકે.

અલબત થર્ટી ફર્સ્ટની ઉજવણી કલબોમાં, રિસોર્ટમાં કે જહેર રસ્તાને બદલે ઘરમાં..ચાલી.. મહોલ્લામાં ઉજવાય તો ગુડ ગુડપનહીં તો બેડપબેડ..અને હોસ્પિટલોમાં બેડ ના મળે એવી ગંભીર પરિસ્થિતિ ના સર્જાય તે સરકાર કરતાં લોકોના હાથમાં છે. સરકારે ઓક્સીજન પ્લાન્ટ સ્થાપીને એવી વ્યવસ્થા કરી છે કે કોઇને ઓક્સીજન વગર હેરાન ન થવુ પડે. પણ બે હજાર બાવીસના નવા વર્ષમાં એવી સ્થિતિનું નિર્માણ જ થવુ ન જોઇએ અને નવા વર્ષમાં અર્થતંત્ર ધબકતુ રહે, વેપાર-ધંધો-રોજગાર-કારોબાર-હરવુ-ફરવુ-પ્રવાસ..એમ બધુ કોરોના કાળ પહેલાની જેમ નોર્મલ..નોર્મલપથઇ જાય તો હે, બેહજાર બાવીસ હું તને પહેલી ધારનોપના ના ગુજરાતમાં તો નશાબંધી છે એટલે પહલી ધારનો તો નહી પણ સેનેટાઇઝરની ધાર ચડાવીશપ!

સેનેટાઇઝરથી યાદ આવ્યુ કે હેપ૨૦૨૨, શું તારા આખા ૩૬૫ દિવસના વર્ષમાં પણ અમારે ધોતે રહેપ હાથ સાફ કરતે રહોપદો ગજ કી દૂરી, હૈ જરૂરીપમાસ્ક પહન કે રખીયે..ના નિયમોનું પાલન કરતા રહેવુ પડશે..? યે ભી કબ તકપ? ૨૦૨૧ પુરુ થતાં થતાં ઓમિક્રોનની એન્ટ્રી થઇ અને તારા ૨૦૨૨ના વર્ષમાં વળી કોઇ ટોમિક્રોનપ સોનીક્રોનપએવુ કાંઇ ના લાલશો બાપાપ દુનિયા આખી થાકી ગઇ છે વાઇરસ વાઇરસ રમતા રમતાપ! એક વાઇરસ માંડ શાંત થાય કે તરત વળી દુનિયાના ખૂણેથી અવાજ આવે- નવો વેરીઅન્ટ મળી આવ્યોપ! અને પાછા બોલે એ રીતે કે જાણે ખજાનો મળી આવ્યો હોયપ!

૨૦૨૧માં કોરોનાની બીજી લહેરમાં ભલભલાના ખજાના ખાલી થઇ ગયા, કેટલાય લોકો ખજાનો હોવા છતાં સિધાવી ગયાપઓક્સીજન માટે ભટકતા લોકોના અને ઓક્સીજનના અભાવે નિધન પામેલ વ્યક્તિના પરિવારજનો દ્વારા વહીવટીતંત્ર પર ટીવી મિડિયાના કેમેરાની સામે ગાળ આપીને ગુસ્સો ઠાલવતા દ્રશ્યો ૨૦૨૧એ બતાવ્યા, કોરોનાથી બચાવનાર રેમડેસિવર નામના ઇંજેકશનમાં મીઠાનુ પાણી ભરીને કાળા બજારમાં વેચીને રાતોરાત માલામાલ થનારાઓ જોયા, તેમને પોલીસ લોકઅપમાં જોયા, બેડ માટે મંત્રીઓની આઇપીએસ-આઇએએસની ભલામણોના સંવાદો સાંભળવા મળ્યા છતાં બેડ ન મળી હોય તો તેમનું શું થયુપ એ પણ વિદાયમાન વર્ષે બતાવીને ચેતવણી આપી છે કે જો નહીં સુધરો તો મારૂ અધુરૂ કામ ૨૦૨૨ને આપતો જઇશપ!!

---

## કેન્દ્ર સરકારે ઈન્ટરનેટમાં ક્રાંતિ લાવવા નવુ પગલુ માંડ્યુ

# નવા વર્ષ ૨૦૨૨માં અમદાવાદ સહિત દેશના ૧૩ શહેરોમાં હશે 5Gનું ‘રાજ’

**ગુજરાત વંદન,**




ભારત ઈન્ટરનેટની ક્રાંતિમાં નવુ પગલુ માંડવા જઈ રહ્યું છે. નવા વર્ષ ૨૦૨૨માં ૫૧ સેવા આગામી વર્ષ ૨૦૨૨ શરૂ થઈ જશે જેમાં ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર અને જામનગર સહિત કુલ ૧૩ મોટો શહેરમાં 5G સેવા પ્રથમ શરૂ થશે તેમ કેન્દ્ર સરકારના દૂર સંચાર વિભાગે જણાવ્યું છે. નોંધનીય છે કે, સરકાર માર્ચ-એપ્રિલમાં સ્પેક્ટ્રમની હરાજી કરશે. 5G સેવા લાગુ થવાથી 4Gની તુલનામાં ઈન્ટરનેટ સ્પીડ ૧૦ ગણી વધી જશે.

કેન્દ્ર સરકારે કહ્યું છે કે માર્ચ-એપ્રિલ ૨૦૨૨ સુધીમાં ૫૧ ઈન્ટરનેટ સ્પેક્ટ્રમ માટે બિડિંગ કરવામાં આવશે. 5G શરૂ કરનાર ટેલિકોમ કંપનીઓએ ટેસ્ટ અને ટ્રાયલ પૂર્ણ કરી લીધી છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI) એ 5G ઈન્ટરનેટ શરૂ કરવા અંગે અંતિમ નિર્ણય લેવાનો છે. ભારતી એરટેલે એરિક્સન સાથે મળીને હૈદરાબાદમાં વ્યાપારી ૫૧ ઈન્ટરનેટ સેવાનું પૂર્વ-પરીક્ષણ પણ સફળતાપૂર્વક કર્યું છે. ૨૦૧૯ માં જ, Jio એ પણ ૫૧ નેટવર્ક સેવા વિસ્તરણ માટે સમગ્ર દેશમાં ઈન્ટરનેટ નેટવર્ક વિસ્તરણ માટે કામ કરવાનું શરૂ કર્યું હતું.

### 5Gની શરૂઆતથી સામાન્ય લોકોને શું ફાયદો થશે ?

5G ઈન્ટરનેટ સેવા શરૂ થવાથી ભારતમાં ઘણું બધું બદલાઈ જશે તે નક્કી છે. લોકોનું કામ સરળ બનશે એટલું જ નહી પરંતુ મનોરંજન અને સંચાર ક્ષેત્રે પણ ઘણો બદલાવ આવશે. એરિક્સન, 5G માટે કામ કરતી કંપનીનું માનવું છે કે ભારતમાં ૫ વર્ષમાં ૫૦ કરોડથી વધુ 5G ઈન્ટરનેટ વપરાશકર્તાઓ હશે.

- પહેલો ફાયદો એ થશે કે યુઝર્સ ફાસ્ટ સ્પીડ ઈન્ટરનેટનો ઉપયોગ કરી શકશે
- વિડિયો ગેમિંગના ક્ષેત્રમાં ૫૧નું આગમન એક મોટું પરિવર્તન લાવશે
- YouTube પર વિડિઓઝ બફરિંગ અથવા અટકયા વિના ચાલશે.
- વોટ્સએપ કોલમાં અવાજ રોક્યા વગર અને સ્પષ્ટ રીતે આવશે.
- ફિલ્મ ૨૦ થી ૨૫ સેકન્ડમાં ડાઉનલોડ થઈ જશે.
- કૃષિ ક્ષેત્રમાં ખેતરોની દેખરેખ હેઠળ ડ્રોનનો ઉપયોગ શક્ય બનશે.
- મેટ્રો અને ડ્રાઈવર વિનાના વાહનો ચલાવવામાં સરળતા રહેશે.
- વર્ચ્યુઅલ રિયાલિટી અને ફેક્ટરીઓમાં રોબોટ્સનો ઉપયોગ સરળ બનશે.
- 5Gના આગમન સાથે, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ દ્વારા વધુને વધુ કોમ્પ્યુટર સિસ્ટમને જોડવાનું સરળ બનશે.

---

## જાન્યુઆરીથી કેન્દ્રીય કર્મીઓનું મોંઘવારી ભથ્થું વધી જશે

**ગુજરાત વંદન,**

કેન્દ્રીય કર્મચારીઓને ફરીથી ખુશખબરી મળવાની છે. જાન્યુઆરી ૨૦૨૨માં એકવાર ફરીથી મોંઘવારી ભથ્થુ વધવાનુ નક્કી છે. કર્મચારીઓની સેલરીમાં ફરીથી બંપર નફો થશે. જોકે, જાન્યુઆરી ૨૦૨૨માં મોંઘવારી ભથ્થામાં કેટલો વધારો થશે, એ નક્કી થયુ નથી પરંતુ એઆઈસીપી આઈઈન્ડેક્સના આંકડા અનુસાર ૨થી ૩% ડીએ વધવાની આશા વર્તાવાઈ રહી છે. ડિસેમ્બર ૨૦૨૧ના અંત સુધી કેન્દ્રના કેટલાક ભાગોમાં પ્રમોશન થશે. આ સિવાય બજેટ ૨૦૨૨થી પહેલા ફિટમેન્ટ ફેક્ટરને લઈને પણ ચર્ચા થઈ રહી છે જેની પર નિર્ણય આવી શકે છે. જો એવુ થયુ તો ન્યૂનતમ સેલરીમાં પણ વધારો થશે પરંતુ હાલ મોંઘવારી ભથ્થાને લઈને AICPI ઈન્ડેક્સનો આંકડો શુ કહે છે, આવો જાણીએ. એક્સપર્ટસ અનુસાર જાન્યુઆરી ૨૦૨૨માં પણ મોંઘવારી ભથ્થામાં ૩% વધારો કરવામાં આવી શકે છે. ૩% નફો થવા પર કુલ ડીએ ૩૧ ટકાથી લઈને ૩૪ ટકા થઈ શકે છે.

---

## મુકેશ અંબાણીએ પ્રથમવાર નેતૃત્વ ફેરફાર કરવાના આપ્યા એંધાણ

# રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ગ્રુપની કમાન હવે નવી પેઢીના હાથમાં ?

**○ પિતા ધીરુભાઈ પાસેથી સુકાન સંભાળ્યા પછી રિલાયન્સને નવી ઊંચાઈ લઈ ગયા મુકેશ અંબાણી હવે યુવા પેઢી લઈ જશે**




**ગુજરાત વંદન,**

દેશ-એશિયાના સૌથી ધનાઢ્ય વ્યક્તિ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ પ્રથમવાર કારોબાર સમૂહમાં નેતૃત્વ ફેરફાર કરવાના સંકેત આપ્યા છે. અંબાણીએ આ વાત મંગળવારે રિલાયન્સ ફેમિલી ડે (RFD) કાર્યક્રમમાં પોતાના સંબોધન દરમિયાન કહી હતી. તેમજ કહ્યું હતું કે, યુવા પેઢી હવે નેતૃત્વની ભૂમિકાઓ નિભાવવા માટે તૈયાર છે અને રિલાયન્સ હવે એક મહત્ત્વનું નેતૃત્વ બદલવા માટેની પ્રક્રિયાના તબક્કા હેઠળ છે. નોંધનીય છે કે, ૬૪ વર્ષીય અંબાણીએ તેમના પિતાના અવસાન બાદ ૨૦૦૨માં RILના ચેરમેન તરીકેની જવાબદારી સંભાળી હતી.

મુકેશ અંબાણીના ત્રણ બાળકો, આકાશ, ઈશા અને અનંત, RILના ટેલિકોમ, રિટેલ અને એનર્જી બિઝનેસ સાથે સંકળાયેલા છે. જ્યારે આરઆઈએલના બોર્ડમાં કોઈ નથી, તેઓ કંપનીમાં ડિરેક્ટર છે. ‘‘મને કોઈ શંકા નથી કે આગામી પેઢીના નેતાઓ તરીકે આકાશ, ઈશા અને અનંત રિલાયન્સને વધુ ઊંચાઈઓ પર લઈ જશે,’’

અંબાણીએ કહ્યું, હું દરરોજ રિલાયન્સ માટે તેમનો જુસ્સો, પ્રતિબદ્ધતા અને સમર્પણ જોઈ અને અનુભવી શકું છું. મને તેમનામાં એ જ સ્પાર્ક અને ક્ષમતા દેખાય છે કે મારા પિતાએ લાખો લોકોના જીવનમાં પરિવર્તન લાવવાનું હતું અને ભારતના વિકાસમાં યોગદાન આપ્યું હતું. તેમનું નિવેદન લિસ્ટેડ કંપનીઓમાં ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટરની જગ્યાઓનું વિભાજન કરવા માટે સેબીની એપ્રિલ ૨૦૨૨ની સમયમર્યાદા પહેલા આવે છે. સેબીએ લિસ્ટેડ કંપનીઓ માટે તેના નવા નિયમોનું પાલન કરવાની સમયમર્યાદા લંબાવી છે. સેબીના ચેરમેન અજય ત્યાગીએ જણાવ્યું હતું કે, અમે ઈન્ડસ્ટ્રીને ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટરના પદને વિભાજિત કરવા માટે પૂરતો સમય આપ્યો છે. હું માત્ર ઉદ્યોગ જગતને અનુસરવાની અપીલ કરી શકું છું. અંબાણીએ વધુમાં જણાવ્યું હતું કે RILના ભાવિ વિકાસનો પાયો નાખવાનો સમય આવી ગયો છે. ટેક્સટાઈલ કંપની તરીકે શરૂ થયેલી RIL, અલગ-અલગ વ્યાપારી હિતો સાથેના સમૂહમાં વિકસ્યું છે જેની પ્રોડક્ટ્સ દરરોજ લોકોના જીવનને સ્પર્શે છે.

અમે અમારા ઉર્જા કારોબારને સંપૂર્ણપણે નવું રૂપ આપ્યુ છે. હવે રિલાયન્સ સ્વચ્છ અને ગ્રીન એનર્જીમાં વૈશ્વિક લીડર બનવા માટે અગ્રેસર છે. અમારા સૌથી જૂના બિઝનેસનું આ પરિવર્તન અમને રિલાયન્સ માટે સૌથી મોટું ગ્રોથ એન્જિન પૂરું પાડશે.

---

## ગુજરાત ATSનો પર્દાફાશ : પંજાબ અને રાજસ્થાનની જેલ શંકાના દાયરામાં..!

# જેલમાં બંધ ડ્રગ્સ માફીયાઓનો પાકિસ્તાન સાથે સાઠગાંઠ!

**○ પંજાબ અને રાજસ્થાની જેલમાં બંધ ડ્રગ્સ માફીયાઓ ગુજરાતમાં ક્યારે ડ્રગ્સ આવશે તેનું નક્કી કરે છે**



**ગુજરાત વંદન,**

ગુનેગારોની નગરી એટલે જેલ પછી તે અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ, મુંબઈની આર્થર રોડ જેલ, દિલ્હીની તિહાર જેલ કે પછી પંજાબની નાભા જેલ કેમ ના હોય. જેલને ગુનેગારોના કાળા કામકાજનું હેડક્વોર્ટર પણ કહેવામાં છે તે વાતની પુષ્ટી કરતો પર્દાફાશ ગુજરાત એટીએસએ કર્યો છે. પંજાબ અને રાજસ્થાનની જેલમાં બંધ ડ્રગ્સ માફીયાઓ પાકિસ્તાનના ડ્રગ્સ આંતકીઓ સાથે મળીને દરિયાઇ રસ્તે કરોડો રૂપિયાનું ડ્રગ્સ મંગાવી રહ્યો હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ એટીએસએ કરતા પાંચ કરતા વધુ લોકોની અટકાયત કરી છે.

એટીએસના ડીઆઈજી હીમાંશુ શુક્લાએ જણાવ્યુ છેકે પંજાબ અંરડવર્લ્ડ સાથે સંકળાયેલા કેટલા ડ્રગ્સ માફીયાઓ પાકિસ્તાનથી ડ્રગ્સ માંગવી રહ્યા છે જેમની પંજાબની જેલથી ટ્રાન્સફર વોંરટના આધારે ધરપકડ કરવામાં આવશે જ્યારે કેટલાક આરોપીઓને નાસી છુટ્યા છે તેમને પણ પકડવામાં આવશે. પંજાબ અંડરવર્લ્ડના કેટલાક આરોપીઓ રાજસ્થાનની જેલમાં પણ બંધ છે જેઓ પાકિસ્તાનની ડ્રગ્સ માફીયાઓ સાથે સંપર્કમાં છે. હિમાંશુ શુક્લાએ કરેલા ચોકવાનારા પર્દાફાશ બાદ પાકિસ્તાન ડ્રગ્સ માફીયાઓના કનેકશન પંજાબ અને રાજસ્થાનની જેલમાં હોવાનું પણ સામે આવ્યુ છે.

આઇએસઆઇ, લશ્કરે એ તૌએબા, ઈન્ડિયન મુજાહુદ્દીન સહિત આંતકી સંગઠનો દેશમાં આંતકી હુમલા કરાવતા હોય છે જેના માટે ફાયનાન્સન જરૂરીયાત પૂરી કરવા માટે ડ્રગ્સનો કારોબાર કરે છે.

દેશના યુવાઓને ડ્રગ્સના રવાડે ચઢાવીને તેમાથી ઉભી થતી આવકને આંતકી પ્રવૃતિમાં લગાવે છે. ગુજરાત એટીએસ અને ઈન્ડિયન કોસ્ટગાર્ડની ટીમે થોડાક દિવસ પહેલા સંયુક્ત ઓપરેશન પાર પાડીને ૪૦૦ કરોડ રૂપિયાનુ હેરોઈન ઝડપી પાડતા પાકના નાપાક ઈરાદાનો પર્દાફાશ થયો હતો. આ પહેલા ગતમહિને પણ મોરબીના ઝીઝુડી ગામેથી ૬૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ એટીએસની ટીમે ઝડપી પાડ્યુ હતું. આ ડ્રગ્સ પણ પાકિસ્તાનથી આવ્યુ હોવાનું સામે આવ્યુ હતું. ગુજરાતનો દરિયાઇ રસ્તેથી હજારો કરોડ રૂપિયાનું ડ્રગ્સ આવે છે તેના મુળ સુધી પહોચવા માટે એટીએસની ટીમ ઘણા દિવસોથી મહેનત કરી રહી હતી જેનો પર્દાફાશ હવે થયો છે. પંજાબના ડ્રગ્સ માફિયાઓના ઈશારે ગુજરાતના દરિયાઇ રસ્તે ડ્રગ્સ આવે છે અને તે અલગ અલગ ગાડીઓમાં ભરીને પંજાબ પહોચે છે.

### જખૌ દરિયાકાંઠે ઉતરેલા ડ્રગ્સનો ઓર્ડર પંજાબ જેલથી અપાયો

ગુજરાત એટીએસને બાતમી મળી હતી કે કચ્છના જખૌ દરિયાકાંઠે એક પાકિસ્તાની બોટમાં કરોડો રૂપિયા ડ્રગ્સ લાવવામાં આવી રહ્યુ છે. બાતમીના આધારે એટીએસની ટીમે ઈન્ડિયન કોસ્ટગાર્ડની મદદ લઈને મોડીરાતે સંયુક્ત ઓપરેશન પાર પાડ્યુ હતું. મધદરિયે બન્ને એજન્સીઓ અલ હુસૈની નામની બોટમાં છ પાકિસ્તાનીઓને ઝડપી પાડ્યા હતા તેમની પાસેથી ૭૭ કિલો હેરોઇન મળી આવ્યુ છે જેની આંતરરાષ્ટ્રીય કિંમત ૪૦૦ કરોડ રૂપિયા થાય છે. આ ડ્રગ્સનો ઓર્ડર પંજાબની જેલથી અપાયો હોવાનું સામે આવ્યુ છે. પંજાબમાં આઝાદ ફરી રહેલા કેટલાક ડ્રગ્સ માફીયાઓએ જેલમાં બંધ તેમના આકાના આદેશથી આટલો મોટો જથ્થો મંગાવ્યો હતો.

### બોર્ડર સીલ થતા દરિયાઈ રસ્તાનો ઉપયોગ

પાકિસ્તાનને જોડતી પંજાબ અને રાજસ્થાનની બોર્ડર પર પેરામીલેટ્રી ફોર્સ તેમજ આર્મીએ કડક સુરક્ષા ગોઠવી દીધી છે અને બોર્ડરને સીલ કરી દેતા ઉડતા પંજાબે હવે ગુજરાતનો સહારો લીધો હતો. પંજાબના કેટલાક મોટા ડ્રગ્સ માફીયાઓ છેલ્લા ઘણા સમયથી સૌરાષ્ટ્રના દરિયાકાંઠાનો ઉપયોગ ડ્રગ્સ માટે શરૂ કર્યો હતો.

### જેલમાં બેઠા બેઠા થાય છે દેશને બરબાદ કરવાનું ષડયંત્ર

પંજાબની જેલમાં અંડરવર્લ્ડના કેટલાક મોટા ગુનેગારો બંધ છે. આ ગુનેગારો જેલમાં બેઠાબેઠા દેશના યુવાઓને નશાના આદી બનાવવાનું ષંડયત્ર કરી રહ્યા છે. આ ડ્રગ્સ માફીયા જેલમાં મોબાઈલ ફોન કે પછી હ્યુમનસોર્સનો ઉપયોગ કરીને પાકિસ્તાનના ડ્રગ્સ માફીયાઓ સાથે સંપર્ક ધરાવે છે અને કરોડો રૂપિયાના ડ્રગ્સનો સોદો કરે છે.

### હવાલા દ્વારા રૂપિયા મોકલાય છે

ડ્રગ્સ કેસમા પંજાબનું કનેક્શન સામે આવતાની સાથેજ હવાલા રેકેટનો પણ પર્દાફાશ થાય તેવી શક્યતા છે. પોલીસસુત્રોના જણાવ્યા અનુસાર પાકિસ્તાનથી જે ડ્રગ્સ આવે છે તે સુરક્ષા એજન્સીઓ પકડી પાડે છે પરંતુ જે ડ્રગ્સ સુરક્ષા એજન્સીઓની જાણ બહાર નીકળીને પંજાબ પહોચી જાય છે તેનો વ્યવહાર હવાલા મારફતે થાય છે. કરોડો રૂપિયાનો હવાલો વિદેશમાં થાય છે અને ત્યાથી તે ફંડ પાકિસ્તાન પહોચે છે.

## વડાપ્રધાને નવા વર્ષની શુભેચ્છાઓ સાથે કોવિડ પર ચેતવણી પણ આપી

# ભારત પાસે દુનિયાથી સારી રસી છે, નવા વેરિયન્ટથી સચેત રહો : મોદી

**પીએમ મોદીએ આ મહિનાની શરૂઆતમાં ટ્વિટ કર્યું હતું કે, મને આ મહિનાની ૨૬ તારીખે મન કી બાત માટે ઘણાં ઈનપુટ મળી રહ્યા છે. આ ૨૦૨૧ની આખરી મન કી બાત હશે. ઈનપુટ અલગ-અલગ ક્ષેત્રોને આવરી લે છે અને પાયાના સ્તરે પરિવર્તન લાવવા માટે કામ કરતા કેટલાય લોકોની જીવન યાત્રાનો ઉત્સવ મનાવે છે પોતાના વિચારો શેર કરતા રહો.**



## પુસ્તકો માત્ર જ્ઞાન જ નથી આપતા પરંતુ વ્યક્તિત્વને શણગારે છે, તે જીવનને આકાર આપે છે, પુસ્તકો વાંચવાનો શોખ અદભુત સંતોષ આપે છે : મોદી

**ગુજરાત વંદન,**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ના માધ્યમથી દેશને સંબોધિત કર્યા હતા. દર મહિનાના છેલ્લા રવિવારે પીએમ મોદી 'મન કી બાત' કરે છે. આજે મન કી બાતની ૮૪મી આવૃત્તિ હશે. આ 'મન કી બાત' આ વર્ષનો અંતિમ કાર્યક્રમ હતો. આજે વિશ્વમાં રસીકરણના જે આંકડા છે, તેની સરખામણી ભારત સાથે કરીએ, તો લાગે છે કે દેશે કેટલું અભૂતપૂર્વ કામ કર્યું છે. વેક્સીનના ૧૪૦ કરોડ ડોઝનો માઈલસ્ટોન પાર કરવો, એ દરેક ભારતીયની સિદ્ધિ છે.

વડાપ્રધાન મોદીએ મન કી બાતનો ૮૪મો એપિસોડ શરૂ કર્યો. તેમણે કહ્યું, આ સમયે તમે ૨૦૨૧ને વિદાય આપવા અને ૨૦૨૨ને આવકારવાની તૈયારી કરી રહ્યા હશો. નવા વર્ષ નિમિત્તે દરેક વ્યક્તિ, દરેક સંસ્થા આવનારા વર્ષમાં કંઈક સારું કરવા, વધુ સારા બનવાનો સંકલ્પ લે છે. છેલ્લા સાત વર્ષથી આપણી મન કી બાત પણ વ્યક્તિ, સમાજ, દેશની સારી બાબતોને ઉજાગર કરીને વધુ સારું કરવા, વધુ સારા બનવાની પ્રેરણા આપતી આવી છે.

પીએમ મોદીએ કોરોનાના નવા વેરિઅન્ટ ઓમિક્રોન અંગે દેશવાસીઓને ચેતવ્યા હતા. તેમણે કહ્યું કે, કોરોનાનો નવો વેરિઅન્ટ આવી ચૂક્યો છે. આપણે તેનું ધ્યાન રાખવું પડશે. મોદીએ કહ્યું કે જે નવો વેરિઅન્ટ ઓમિક્રોન આવ્યો છે, તેનો અભ્યાસ આપણા વૈજ્ઞાનિકો કરી રહ્યા છે. તેમણે નાગરિકોને અપીલ કરી કે સ્વયંની સજાગતા, શિસ્ત કોરોનાના આ નવા વેરિઅન્ટ સામે આપણી શક્તિ છે.

પીએમ મોદીએ કહ્યું, 'મારા વ્હાલા દેશવાસીઓ, મહાભારતના યુદ્ધ દરમિયાન ભગવાન શ્રી કૃષ્ણએ અર્જુનને કહ્યું હતું - 'નભઃ સ્પૃશં દિપ્તમ' એટલે ગર્વથી આકાશને સ્પર્શવું. તે ભારતીય વાયુસેનાનું વાક્ય પણ છે. આવું હતું ગ્રુપ કેપ્ટન વરુણ સિંહનું જીવન...વરુણ સિંહ, એ હેલિકોપ્ટરને ઉડાવી રહ્યા હતા, જે આ મહિને તમિલનાડુમાં એક દુર્ઘટનાનો શિકાર થઈ ગયું. તે અકસ્માતમાં, આપણે દેશના પ્રથમ ઝ્હજી જનરલ બિપિન રાવત અને તેમની પત્ની સહિત ઘણા વીરોને ગુમાવ્યા.

વરુણ સિંહ પણ મૃત્યુ સામે ઘણા દિવસો સુધી બહાદુરીથી લડ્યા, પરંતુ પછી તે પણ આપણને છોડીને ચાલ્યા ગયા. ૧૮૫૭ના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામની સાક્ષી, આજે પણ લખનૌની દિવાલો પર જોવા મળે છે. રેસીડેન્સીમાં થયેલા ડ્રોન શોમાં ભારતીય સ્વતંત્રતા સંગ્રામના વિવિધ પાસાઓને જીવંત કરવામાં આવ્યા હતા. 'ચૌરી ચૌરા આંદોલન' હોય, 'કાકોરી ટ્રેન'ની ઘટના હોય કે પછી નેતાજી સુભાષની અદમ્ય હિંમત અને બહાદુરી હોય, આ ડ્રોન શોએ દરેકનું દિલ જીતી લીધું. એ જ રીતે, તમે તમારા શહેરો, ગામડાઓની આઝાદીની ચળવળ સાથે જોડાયેલા વિશિષ્ટ પાસાઓને પણ લોકો સમક્ષ લાવી શકો છો. ટેક્નોલોજી પણ આમાં ઘણી મદદ કરી શકે છે.

પીએમ મોદીએ કહ્યું, પુસ્તકો માત્ર જ્ઞાન જ નથી આપતા પરંતુ વ્યક્તિત્વને પણ શણગારે છે, તે જીવનને આકાર આપે છે. પુસ્તકો વાંચવાનો શોખ અદભુત સંતોષ આપે છે. આજકાલ હું જોઉં છું કે લોકો ગર્વથી કહે છે કે મેં આ વર્ષે આટલા પુસ્તકો વાંચ્યા છે. હવે મને વધુ પુસ્તકો વાંચવા છે. આ એક સારો ટ્રેન્ડ છે, જેને વધારવો જોઈએ. હું 'મન કી બાત'ના શ્રોતાઓને પણ કહીશ કે તમે આ વર્ષના એ પાંચ પુસ્તકો વિશે જણાવો જે તમારા મનપસંદ રહ્યા છે. આ રીતે, તમે ૨૦૨૨માં અન્ય વાચકોને પણ સારા પુસ્તકો પસંદ કરવામાં મદદ કરી શકશો. મન કી બાતમાં પીએમએ કહ્યું, મને ગોવાના સાગર મુલે જીના પ્રયાસો વિશે પણ જાણવા મળ્યું છે, જેઓ સેંકડો વર્ષ જૂની 'કાવી' ચિત્રકળાને લુપ્ત થવાથી બચાવવામાં લાગ્યા છે. 'કાવી' ચિત્રકળા ભારતના પ્રાચીન ઈતિહાસને પોતાનામાં આવરી લે છે! વાસ્તવમાં 'કાવ'નો અર્થ છે લાલ માટી. પ્રાચીન સમયમાં આ કળામાં લાલ માટીનો ઉપયોગ કરવામાં આવતો હતો. ગોવામાં પોર્ટુગીઝ શાસન દરમિયાન ત્યાંથી પલાયન કરનારા લોકોએ અન્ય રાજ્યોના લોકોને આ અદ્ભુત ચિત્રકળાનો પરિચય કરાવ્યો હતો. સમયની સાથે આ ચિત્રકળા લુપ્ત થઈ રહી હતી પરંતુ સાગર મુલે જીએ આ કલાને નવું જીવન આપ્યું છે. તેમના આ પ્રયાસને પણ ઘણી પ્રશંસા મળી રહી છે. મન કી બાતના પાછલા એપિસોડમાં પીએમ મોદીએ સ્ટાર્ટઅપના મહત્વ પર ભાર મૂક્યો હતો. પીએમ મોદીએ સ્વચ્છ વાતાવરણ પર પણ ભાર મૂક્યો હતો. વડાપ્રધાને આયુષ્માન ભારતના લાભાર્થીઓ સાથે પણ વાત કરી અને આશ્ચર્ય વ્યક્ત કર્યું કે કેવી રીતે વસ્તુઓ ઝડપથી બદલાઈ રહી છે કારણકે સરકાર યોજનાઓ બનાવે છે, બજેટ ખર્ચે છે, પ્રોજેક્ટ સમયસર પૂર્ણ કરે છે, લોકોને લાગે છે કે તે કામ કરી રહ્યું છે. પીએમ મોદીએ આ મહિનાની શરૂઆતમાં ટ્વિટ કર્યું હતું કે, મને આ મહિનાની ૨૬ તારીખે મન કી બાત માટે ઘણાં ઈનપુટ મળી રહ્યા છે. આ ૨૦૨૧ની આખરી મન કી બાત હશે. ઈનપુટ અલગ-અલગ ક્ષેત્રોને આવરી લે છે અને પાયાના સ્તરે પરિવર્તન લાવવા માટે કામ કરતા કેટલાય લોકોની જીવન યાત્રાનો ઉત્સવ મનાવે છે. પોતાના વિચારો શેર કરતા રહો.

### ૬૦ વર્ષથી વધુની વયનાને બૂસ્ટર ડોઝ આપવા જાહેરાત

# બીજા ડોઝ અને બૂસ્ટર વચ્ચે ૯-૧૨ મહિનાનું અંતર રહેશે

**○ કોવિશિલ્ડ અને કોવેક્સિનમાં ઉપયોગમાં લેવાતી રસીઓ માટેના તફાવતની સ્પષ્ટતા પર કામ કરવામાં આવી રહ્યું છે**

**ગુજરાત વંદન,**

જીવલેણ કોરોનાવાયરસ રોગચાળો દેશમાં ફરીથી તેના પગ ફેલાવી રહ્યો છે. ત્રીજી લહેરની શક્યતાઓ વચ્ચે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રને તેમના સંબોધનમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને બૂસ્ટર ડોઝની જાહેરાત કરી હતી. હવે સૂત્રોને ટાંકીને સમાચાર મળી રહ્યા છે કે કોરોના વેક્સીનના બીજા ડોઝ અને બૂસ્ટર વચ્ચે ૯ થી ૧૨ મહિનાનું અંતર હોઈ શકે છે. સૂત્રોએ માહિતી આપી છે કે હાલમાં ભારતના ઈમ્યુનાઈઝેશન પ્રોગ્રામ, કોવિશિલ્ડ અને કોવેક્સિનમાં ઉપયોગમાં લેવાતી રસીઓ માટેના તફાવતની સ્પષ્ટતાઓ પર કામ કરવામાં આવી રહ્યું છે અને ટૂંક સમયમાં આ અંગે અંતિમ નિર્ણય લેવામાં આવશે. શનિવારે રાત્રે રાષ્ટ્રને સંબોધનમાં, પીએમ મોદીએ જાહેરાત કરી હતી કે ૧૫-૧૮ વર્ષની વયના કિશોરો માટે રસીકરણ ૩ જાન્યુઆરીથી શરૂ થશે, જ્યારે આરોગ્ય સંભાળ અને ફ્રન્ટલાઈન કર્મચારીઓ માટે "બૂસ્ટર ડોઝ" ૧૦ જાન્યુઆરીથી આપવામાં આવશે.

આ નિર્ણય કોરોના વાયરસના ઓમિક્રોન સ્વરૂપથી સંબંધિત કોવિડના વધતા જતા કેસ વચ્ચે આવ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે આવતા વર્ષે ૧૦ જાન્યુઆરીથી ૬૦ વર્ષથી વધુ ઉંમરના અને અન્ય ગંભીર બીમારીઓવાળા નાગરિકોને તેમના ડૉક્ટરની સલાહ પર સાવચેતીનો ડોઝ આપવામાં આવશે. સંબોધનમાં, પીએમ મોદીએ "બૂસ્ટર ડોઝ" શબ્દનો ઉપયોગ કરવાનું ટાળ્યું, કારણ કે તેનો સામાન્ય રીતે ઉલ્લેખ કરવામાં આવે છે.

સૂત્રો દ્વારા મળેલી જાણકારી અનુસાર, "કોવિડ રસીના બીજા અને સાવચેતીના ડોઝ વચ્ચેનું અંતર ૯ થી ૧૨ મહિનાનું હોઈ શકે છે, રસીકરણ વિભાગ અને રસીકરણ પર રાષ્ટ્રીય તકનીકી સલાહકાર જૂથ (એનટીએજીઆઈ) આ વિષયો પર ચર્ચા કરે છે." ભારતની ૬૧ ટકાથી વધુ પુખ્ત વસ્તીએ રસીના બંને ડોઝ મેળવ્યા છે. તેવી જ રીતે, લગભગ ૯૦ ટકા પુખ્ત વસ્તીએ પ્રથમ ડોઝ મેળવ્યો છે.



રાંચીમાં સરકારની બીજી વર્ષગાંઠ નિમિત્તે મોરહબાદી મેદાન ખાતે આયોજિત રાજ્ય સ્તરીય સમારોહના ઉદ્‌ઘાટન દરમિયાન ઝારખંડના રાજ્યપાલ રમેશ બૈસ, મુખ્યપ્રધાન હેમંત સોરેન અને રાજ્યસભાના સાંસદ શિબુ સોરેન.

### કોરોનાના નવા વેરિયન્ટના પ્રારંભિક સંકેતો મળી શકે છે

# ગળું અંદરથી છોલાઈ જાય એ ઓમિક્રોનનું પ્રથમ લક્ષણ

**○ નાક બંધ થવું, સૂકી ઉધરસ અને પીઠમાં નીચેની બાજુ દુઃખાવાની સમસ્યાનો સામનો ઓમિક્રોનથી પીડિત કરે છે**

**ગુજરાત વંદન,**

કોરોના વાયરસના નવા વેરિએન્ટ ઓમિક્રોનના લક્ષણો ડેલ્ટા વેરિએન્ટની સરખામણીએ જલદી દેખાઈ જાય છે, એવા સંકેત મળ્યા છે. કહેવાય છે કે ઓમિક્રોનના કારણે બીમાર થતા પહેલા જ તમે આ લક્ષણ મહેસૂસ કરી શકો છે. ધ સનમાં છપાયેલા એક રિપોર્ટ મુજબ જો તમારા અવાજમાં ખારાશ આવી ગઈ હોય અને તમે મોટેથી બૂમ પાડી કે ગાઈ શકતા ન હોવ તો તે ચિંતાનો વિષય હોઈ શકે છે. તમારે ધ્યાન આપવું પડશે કે તમારા અવાજમાં આ ફેરફાર કયા કારણસર આવ્યો છે. એક્સપર્ટ્સના જણાવ્યાં મુજબ ઓમિક્રોનના સૌથી પહેલા લક્ષણોમાંનું એક સ્કેટ્સી થ્રોટ છે. જેમાં તમારું ગળું અંદરથી છોલાઈ જાય છે. જ્યારે ડેલ્ટા વેરિએન્ટથી સંક્રમિત થવા પર લોકોને ગળામાં ખરાશ(સોર થ્રોટ)ની સમસ્યા રહેતી હતી.

ડિસ્કવરી હેલ્થ, દક્ષિણ આફ્રિકાના ચીફ એક્ઝીક્યુટિવ રેયન રોચે કહ્યું કે નાક બંધ થતા, સૂકી ઉધરસ અને પીઠમાં નીચેની બાજુ દુઃખાવાની સમસ્યાનો સામનો ઓમિક્રોનથી પીડિત લોકોએ કરવો પડી રહ્યો છે. જો કે કેટલાક રિપોર્ટ્સમાં દાવો કરાયો છે કે ઓમિક્રોન, ડેલ્ટા વિરેએન્ટની સરખામણીમાં ઓછો ખતરનાક છે.

# ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં બ્રાહ્મણ મતદારોનો દબદબો

**ગુજરાત વંદન,**

ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસની સરકારોના વડાઓ મોટાભાગે બ્રાહ્મણો હતા. રાજ્યના પ્રથમ સીએમ પંડિત ગોવિંદ વલ્લભ પંત ઉપરાંત ઘણા દિગ્ગજ નેતાઓ જેમ કે કમલાપતિ ત્રિપાઠી, હેમવતી નંદન બહુગુણા, શ્રીપતિ મિશ્રા અને એનડી તિવારી રાજ્યના મુખ્યમંત્રી બન્યા. ૧૯૯૦ ના દાયકાની શરૂઆતમાં, રાજ્યની રાજનીતિએ દિશા બદલી અને મંડલ કમિશનનો પવન ફૂંકાયો જેણે પછાત જાતિઓને એક કરી. કોંગ્રેસ સતત નબળી પડતી રહી. ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી નજીક આવતાં હવે સત્તારૂઢ ભાજપને રાજ્યમાં તેની સૌથી મજબૂત મતબેંક એટલે કે બ્રાહ્મણો તૂટવાના ભયનો સામનો કરવો પડી રહ્યો છે. રાજધાની દિલ્હીમાં કેન્દ્રીય મંત્રી અને ભાજપના ચૂંટણી પ્રભારી ધર્મેન્દ્ર પ્રધાને રાજ્યના પાર્ટીના મોટા બ્રાહ્મણ નેતાઓની બેઠક કરી અને રવિવારે પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડા સાથે બેઠક કરીને ચાર સભ્યોની સમિતિની રચના કરવામાં આવી. બ્રાહ્મણ સમાજ સાથે આઉટરીચ પ્રોગ્રામ ચલાવશે. જો કે આ કમિટીના સભ્ય અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શિવ પ્રતાપ શુક્લાનું કહેવું છે કે યુપીના બ્રાહ્મણો પાર્ટીથી નારાજ નથી, પરંતુ એવું લાગે છે કે પાર્ટીને હવે સમજાઈ ગયું છે કે જો સમયસર પગલાં લેવામાં નહી આવે તો બ્રાહ્મણો પક્ષ તરફ વળશે.

# ભારતના ૫ રાજ્યોમાં ઓમિક્રોનના સૌથી વધારે કેસ નોંધાયા

**ગુજરાત વંદન,**

ઓમિક્રોન વેરિઅન્ટ સામે આવ્યા બાદ સરકારે ૧૫ થી ૧૮ વર્ષની વયના બાળકોને રસી આપવાનો નિર્ણય લીધો છે. તેમનું રસીકરણ જાન્યુઆરીથી શરૂ થઈ રહ્યું છે. આ વયજૂથના લોકોને માત્ર કોવેક્સિન આપવામાં આવશે. આ સાથે આરોગ્ય કર્મચારીઓ, ફ્રન્ટલાઈન વર્કર્સ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધોને ત્રીજા ડોઝ તરીકે સાવચેતીનો ડોઝ આપવામાં આવશે.ભારતમાં એક દિવસમાં કોરોના વાયરસના ૬,૩૫૮ નવા કેસ નોંધાયા છે.

# ત્રીજી લહેરની શક્યતા અંગે મતભેદ, સાવચેતીની સલાહ

**ગુજરાત વંદન,**

ત્રીજી લહેરના ભણકારા દેશમાં વધતા કેસોના લીધે વધારે ડરાવી રહ્યા છે. ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યોમાં કોરોનાના સંક્રમણ અને નવા ઓમિક્રોન વેરિયન્ટના કેસમાં વધારો થઈ રહ્યો છે. એક તરફ વર્ષ પૂર્ણ થવાની ખુશીમાં લોકો પ્રવાસ કરી રહ્યા છે ત્યારે ભીડના કારણે સંક્રમણ વધારે ફેલાવાનો ખતરો પણ સતાવી રહ્યો છે.

રવિવારે મહારાષ્ટ્રમાં કોરોનાના સંક્રમણમાં વધારો થયો છે. જેમાં પાછલા ૬૪ દિવસના સૌથી વધારે કોવિડ કેસ નોંધાયા છે. ત્રીજી લહેર આવશે કે નહીં તે અંગે ચાલતી અટકળો બાબતે એક્સપર્ટ્સ જણાવી રહ્યા છે આ અંગે હાલ કોઈ નિવેદન કરવું ઉતાવળ્યું ગણાશે, પરંતુ જે પ્રમાણે કેસમાં ઉછાળો નોંધાઈ રહ્યો છે તેને જોતા સાવધાન રહેવાની જરુર છે.

મહારાષ્ટ્રમાં નોંધાયેલા નવા કેસોમાંથી ૫૫% નવા કેસ મુંબઈમાં નોંધાયા છે, શહેરમાં નવા ૮૯૬ કેસ નોંધાયા છે જે પાછલા ૨૦૫ દિવસના સૌથી વધુ કેસ છે. ત્રીજી લહેરની સંભાવનાઓ અંગેના ડર વિશે મહામારીના ડૉક્ટર ચંદ્રકાંત લહારિયા જણાવે છે કે, દેશભરમાં હજુ એવી કોઈ સ્થિતિ ઉભી નથી થઈ. કોવિડ ટાસ્કફોર્સના સભ્ય ડૉ. શશાંક જોશી કહે છે કે, રાજ્યો અને શહેરોમાં વધતા કેસને લઈને કોઈ અનુમાન કરવું ઉતાવળ્યું ગણાશે.

ત્રીજી લહેર આવશે જ તેવું ચોક્કસ પણે કહી શકાય નહીં. તેમણે આગળ જણાવ્યું કે, આપણે આગામી બે અઠવાડિયા સુધી સ્થિતિ પર નજર રાખવાની જરુર છે. જો સતત નવા કેસમાં વધારો થતો રહે તો ત્રીજી લહેરની સંભાવના વધી શકે છે.

દેશમાં એક તરફ કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે ત્યારે બીજી તરફ વર્ષ પૂર્ણ થઈ રહ્યું છે ત્યારે લોકો ફરવાના મૂડમાં છે. આવામાં પ્રવાસન સ્થળો પર વધતી ભીડના કારણે સંક્રમણ ઝડપથી ફેલાવાનો ડર રહે છે. એક્સપર્ટ લોકોને ઓમિક્રોનથી બચવા માટે યોગ્ય રીતે મોઢું ઢંકાય તેમ ન્૯૫ અને FFP2 માસ્ક પહેરવાની સલાહ આપવામાં આવી રહી છે, જેથી કરીને હવામાં રહેલા ડ્રોપલેટ્સ મોઢા અને નાક દ્વારા શરીરમાં પ્રવેશી શકે નહીં.

દેશમાં પાછલા ૨૪ કલાકમાં કોરોનાના વધુ ૬,૫૩૧ કેસ નોંધાયા છે અને ૭,૧૪૧ દર્દીઓ સાજા થયા છે.

હાલમાં દેશમાં કોરોનાના એક્ટિવ કેસનો આંકડો ૭૫,૮૪૧ પર પહોંચી ગયો છે. જ્યારે રિકવરી રેટની ટકાવારી વધીને ૯૮.૪૦% થઈ ગઈ છે.

# સ્પાઈડર મેનઃ નો વે હોમએ ૧૬૪.૯૨ કરોડની કમાણી કરી

**ગુજરાત વંદન,**

સ્ટુડિયોની 'સ્પાઈડર-મેનઃ નો વે હોમ' ભારતમાં ૧૬ ડિસેમ્બરે રિલીઝ થઈ હતી, જ્યારે આ ફિલ્મ ૧૭ ડિસેમ્બરે વિશ્વભરમાં રિલીઝ થઈ હતી. તો, આ ફિલ્મે ભારતીય બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી દીધી છે. હોલીવુડ ફિલ્મ 'સ્પાઈડર મેનઃ નો વે હોમ ભારતમાં પહેલા દિવસથી રેકોર્ડબ્રેક કમાણી કરી રહી છે. ફિલ્મ સમીક્ષક તરણ આદર્શે ટ્વીટ કરીને ફિલ્મની પહેલા દિવસની કમાણી વિશે માહિતી આપી છે. આ ફિલ્મ અત્યાર સુધીમાં ભારતીય બોક્સ ઓફિસ પર કુલ ૧૬૪.૯૨ કરોડની કમાણી કરવામાં સફળ રહી છે અને આશા છે કે, ટૂંક સમયમાં જ આ ફિલ્મ ૨૦૦ કરોડમાં સામેલ થઈ જશે. તમને જણાવી દઈએ કે, આ ફિલ્મે ભારતમાં હોલિવૂડ રિલીઝના ઈતિહાસમાં અત્યાર સુધીની બીજી સૌથી વધુ ઓપનિંગ ફિલ્મ બનીને પણ પોતાનું નામ બનાવ્યું છે. અમે તમને જણાવી દઈએ કે, 'સ્પાઈડર-મેનઃ નો વે હોમ' ભારતમાં ૩૨૬૪ સ્ક્રીન્સમાં રિલીઝ થનારી કોઈપણ હોલીવુડ ફિલ્મ માટે અત્યાર સુધીની સૌથી વધુ રિલીઝ છે. નોંધપાત્ર વાત એ છે કે, હોલીવુડની ફિલ્મ 'સ્પાઈડર મેનઃ નો વે હોમ' તેની રિલીઝ પહેલા જ ધૂમ મચાવવામાં સફળ સાબિત થઈ હતી. આ ફિલ્મનું ઘણું એડવાન્સ બુકિંગ હતું, જેના કારણે અનુમાન લગાવવામાં આવ્યું હતું કે, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર પણ ધમાલ મચાવશે. તમને જણાવી દઈએ કે, આ ફિલ્મમાં ટોમ હોલેન્ડ લીડ રોલમાં છે. આ ફિલ્મમાં, મલ્ટી બ્રહ્માંડ વિશે બતાવવામાં આવ્યું હતું, જેમાં તમામ ટાઈમ ઝોનના વિલન એક જગ્યાએ એક સાથે આવે છે.



# અક્ષય-ટાઈગર બડે મિયાં છોટે મિયાંમાં નજરે પડશે

**ગુજરાત વંદન,**

બોલીવુડના એક્શન સ્ટાર્સ અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ એક સાથે સ્ક્રીન શેર કરવા માટે તૈયાર છે. બંને સુપરસ્ટારર ડાયરેક્ટર અલી અબ્બાસ ઝફરની ફિલ્મમાં એકસાથે જોવા મળી શકે છે. એક મીડિયા રિપોર્ટ મુજબ આ ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં'ની લાઇન પર બનશે અને ટાઇટલ પણ આજ ફિલ્મના નામ પરથી રહેશે. આ ફિલ્મનું ડાયરેક્શન અલી અબ્બાસ ઝફર કરશે.

ફિલ્મનું શૂટિંગ ૨૦૨૨માં શરૂ થાય એવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે આ ફિલ્મની રિલીઝ ડેટ વર્ષ ૨૦૨૩માં આવી શકે છે. અક્ષય કુમાર હાલમાં વાસુ ભગનાનીની ફિલ્મ 'સિંડ્રેલા'માં કામ કરી રહ્યો છે. ફિલ્મના ચાહકો જાણતાં હશે કે, ૧૯૯૮માં આવેલી ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં'માં અમિતાભ બચ્ચન અને ગોવિંદાએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ બંને કલાકાર ફિલ્મમાં ડબલ રોલમાં જોવા મળ્યા હતા. તેમની સાથે આ ફિલ્મમાં રવીના ટંડન, રામ્યા કૃષ્ણન, અનુપમ ખેર, પરેશ રાવલ, શરત સક્સેના અને સતીશ કૌશિક જોવા મળ્યા હતા. આ ફિલ્મનું ડાયરેક્શન ડેવિડ ધવને કર્યું હતું. જે બોક્સ ઓફિસ પર ધુમ મચાવી હતી. આ ફિલ્મના એક સોંગમાં માધુરી દીક્ષિતે કામ કર્યું હતું. જેને ચાહકો દ્વારા ખૂબ જ પસંદ કરવામાં આવ્યું હતું. આ ફિલ્મ એક કોમેડી અને એક્શન મુવી હતી. ફિલ્મોની વાત કરીએ તો હાલમાં અક્ષય કુમાર 'સિંડ્રેલા', 'અતરંગી રે', 'પૃથ્વીરાજ', 'બચ્ચન પાંડે', 'રક્ષા બંધન', 'ઓએમજી-૨', 'રામ સેતુ' અને 'ગોરખા' જેવી ફિલ્મો પર કામ કરી રહ્યો છે.

# પ્રભાસની ફિલ્મ રાધે શ્યામના ટ્રેલરને સૌથી વધુ વ્યુહ મળ્યા



**ગુજરાત વંદન,**

પ્રભાસની ફિલ્મ 'રાધે શ્યામ'ના ટ્રેલરે માત્ર ૨૪ કલાકમાં જ ૬૪ મિલિયન રીયલ-ટાઈમ વ્યૂઝને પાર કરી લીધું છે અને તે ૨૪ કલાકમાં સૌથી વધુ જોવામાં આવ્યું છે. તેની ખુશી વ્યક્ત કરતા ટી-સીરીઝે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેના વિશે લખ્યું છે. આ ફિલ્મમાં પ્રભાસ અને પૂજા હેગડે ઉપરાંત ભાગ્યશ્રી, સચિન ખેડેકર, કુણાલ રોય કપૂર, સત્યન, પ્રિયદર્શી, મુરલી શર્મા, સાશા છેત્રી, રિદ્ધિ કુમાર જેવા કલાકારો પણ જોવા મળશે.

પ્રભાસની આ ફિલ્મને રાધા કૃષ્ણ કુમાર દ્વારા નિર્દેશિત છે જ્યારે ફિલ્મનું નિર્માણ ભૂષણ કુમાર અને વંશી-પ્રમોદ દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મ ૪ અલગ-અલગ ભાષાઓ હિન્દી, તેલુગુ, તમિલ અને મલયાલમમાં રિલીઝ થશે. આ ફિલ્મના ગીતોનું સંગીત મિથુન, અમલ મલિક અને મનન ભારદ્વાજે આપ્યું છેસાઉથ ફિલ્મના સુપરસ્ટાર પ્રભાસની વધુ એક શાનદાર ફિલ્મ આવી રહી છે, જેનું નામ છે 'રાધે શ્યામ'. લોકો આ ફિલ્મની ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હતા. હાલમાં જ આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયું છે, જે ઘણું સારું છે.

આ ફિલ્મમાં પ્રભાસની સાથે પૂજા હેગડે લીડ રોલમાં જોવા મળશે. પ્રભાસની આ બહુપ્રતિક્ષિત ફિલ્મ 'રાધે શ્યામ' આવતા વર્ષે ૧૪ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ રિલીઝ થશે. ફિલ્મનું ટ્રેલર એટલું શાનદાર છે કે તે રિલીઝ થતાની સાથે જ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયું છે.

પ્રભાસની આ ફિલ્મમાં ઘણા શાનદાર દ્રશ્યો છે, જેને જોઈને તમે પણ ચોંકી જશો. ફિલ્મના ટ્રેલરમાં તમને આવા ઘણા સંવાદો સાંભળવા મળશે, જે તમે પહેલા ક્યારેય નહીં સાંભળ્યા હોય. આ ફિલ્મમાં પ્રભાસને એક મહાન જ્યોતિષ તરીકે દર્શાવવામાં આવ્યો છે, જે વર્તમાનથી લઈને ભવિષ્ય સુધીની દરેક વસ્તુ જાણે છે. ફિલ્મના ટ્રેલરમાં પણ આ વાત કહેવામાં આવી છે.

# અભિનેતા રણવીર સિંહ ફિલ્મ ૮૩માં પહેલી પસંદ ન હતો

**ગુજરાત વંદન,**

ડિરેક્ટર કબીર ખાનની ફિલ્મ '૮૩' આખરે થિયેટર્સમાં રિલીઝ થઈ ચૂકી છે. કોરોના મહામારીના કારણે લગભગ બે વર્ષથી અટવાયેલી આ ફિલ્મને લઈને ફેન્સ ખૂબ જ રાહ જોઈ રહ્યા હતા. ફિલ્મ '૮૩'ને સારો રિવ્યૂ મળી રહ્યો છે. તાજેતરમાં સામે આવેલા એક રિપોર્ટ મુજબ, ફિલ્મમાં કપિલ દેવનો રોલ કરી રહેલો રણવીર સિંહ પહેલી પસંદ નહોતો. રણવીર સિંહની જગ્યાએ અર્જુન કપૂરનું નામ સૂચવવામાં આવ્યું હતું. જે કપિલ દેવનો રેલ કરવાનો હતો. રિપોર્ટમાં એવું કહેવાયું છે કે, ફિલ્મની સ્ક્રિપ્ટ પહેલાં રણવીર સિંહને આપવામાં આવી અને એ પછી તેના બેસ્ટ ફ્રેન્ડ અર્જુન કપૂરને આપવામાં આવી. કબીર સિંહના આવ્યા બાદ સ્ક્રિપ્ટ ફરીથી રણવીર સિંહને આપવામાં આવી હતી. બોલીવૂડ ન્યૂઝ સાથે સંકળાયેલી એક વેબસાઈટના સોર્સે જણાવ્યું કે, અર્જુન કપૂર તેમના નજીકના દોસ્તના પ્રીમિયરમાં સામેલ ન થઈ શક્યો, કારણ કે તે ફિલ્મનું શૂટિંગ કરી રહ્યો છે, પરંતુ અર્જુન કપૂર પોતાના સારા મિત્ર માટે થોડો સમય કાઢી શકતો હતો. કારણ કે રણવીર સિંહ માટે એક મોટી ક્ષણ



**રણવીર સિંહની જગ્યાએ અર્જુન કપૂરનું નામ સૂચવવામાં આવ્યું હતું, જે કપિલ દેવનો રોલ કરવાનો હતો**

હતી. આ પ્રોજેક્ટની જાહેરાત ૨૦૧૪માં કરવામાં આવી હતી, પરંતુ બાદમાં ૨૦૧૭માં કબીર ખાન દ્વારા ડિરેક્ટરને બદલી દેવામાં આવ્યો. સંજય સિંહ પૂરન સિંહ ચૌહાણ દ્વારા પહેલાં ડ્રાફ્ટ લખાઈ ગયા બાદ તેઓએ અને વિષ્ણુવર્ધન ઈન્દુરીએ અર્જુન કપૂરનો સંપર્ક કર્યો હતો. જેને સ્ક્રિપ્ટ પસંદ હતી પણ ફિલ્મ મેકર આદિત્ય ચોપરાને તેને કો-પ્રોડ્યુસ કરવા ઈચ્છતા હતા. આદિત્ય ચોપરાને એટલું બધુ ગમ્યુ કે તે આખી સ્ક્રિપ્ટ ખરીદવા ઈચ્છતા હતા. પરંતુ સંજય પૂરન સિહ ચોહાણ પોતે આને ડિરેક્ટ કરવા ઈચ્છુક હતા. અર્જુન કપૂરે કેટલાંક લૂક ટેસ્ટ પણ આપ્યા. અર્જુન કપૂરે વિક્રમાદિત્ય મોટવાની, મધુ મંટેના અને વિકાસ બહલ પર પસંદગી ઉતરી, કારણ કે તે તેમના નજીકના હતા. તેઓ સંજય પૂરન સિંહ ચૌહાણને પોતાની ઓફિસે બોલાવતા રહ્યા પરંતુ સ્ક્રિપ્ટ પર ચર્ચા નહોતા કરતા. રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે, જ્યારે ફિલ્મ '૮૩'ની સત્તાવાર રીતે એક કાર્યક્રમમાં જાહેરાત કરવામાં આવી તો સંજય સિંહ પૂરન સિંહ ચૌહાણને તેમના એક દોસ્ત મારફતે જાણવા મળ્યું કે, તેઓને બદલી દેવામાં આવ્યા છે અને તેઓ રણવીર સિંહ દ્વારા મહાન ક્રિકેટરની ભૂમિકા નિભાવવા પર વિચાર કરી રહ્યા હતા. ટ્રેડ સોર્સે રણવીર સિંહની ખૂબ જ પ્રશંસા કરતા કહ્યું કે, તે કપિલ દેવના રોલ માટે ફીટ બેસે છે.

# દિશા વાકાણીની બેબી બંપ વાળી તસવીર વાયરલ થઈ

**ગુજરાત વંદન,**

તારક મેહતા કા ઉલ્ટા ચશ્મા છેલ્લા ૧૩ વર્ષોથી લોકોના દિલો પર રાજ કરી રહી છે. બાળકોથી લઈને વૃદ્ધો સુધી દરેક ઘરમાં દરેક ઉંમરના લોકો આ સીરિયલને જોવાની પસંદ કરે છે. શો માં ઘણા કલાકાર એવા છે જે શો છોડીને જતા રહ્યા છે અને તેમના સ્થાને નવા કલાકારોએ લીધી છે. જોકે શો નું એક પાત્ર એવું છે જેનું સ્થાન છેલ્લા ઘણા સમયથી ખાલી છે અને શો માં તેનું સ્થાન હજુ સુધી બીજા કોઈ કલાકારે લીધું નથી. શો ના આ પાત્રનું નામ દયાબેન છે. પ્રશંસકો તેના પાછા ફરવાની રાહ જોઈ રહ્યા છે. જોકે એક એવા સમાચાર સામે આવી રહ્યા છે જેનાથી શો માં જોવા માંગતા પ્રશંસકો નિરાશ થઈ શકે છે. કારણ કે દયાબેન ઉર્ફે દિશા વાકાણી ફરીથી પ્રેગ્નેટ છે. દયાબેન એટલે કે દિશા વાકાણી સોશિયલ મીડિયા પર એક્ટિવ નથી પણ તેના ફેન પેજ હંમેશા તેની તસવીરો અને વીડિયો શેર કરતા રહે છે.

હાલમાં જ એક તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. જેને જોઈને પ્રશંસકો એ અંદાજ લગાવી રહ્યા છે કે દિશા વાકાણી પ્રેગ્નેટ છે અને બીજી વખત માતા બનવા જઈ રહી છે. જોકે આ પોસ્ટમાં એ સ્પષ્ટ થતું નથી કે આ ફોટો જૂનો છે કે લેટેસ્ટ છે. એક તસવીર વાયરલ થઈ રહી છે જેમાં દિશા પોતાના પતિ સાથે જોવા મળી રહી છે.

# રિચા ચઢ્ઢા અને અલી ફઝલ માર્ચ મહિનામાં લગ્ન કરશે

**ગુજરાત વંદન,**

રિચા ચઢ્ઢા અને અલી ફઝલ કે જેઓ લાંબા સમયથી એકબીજાને ડેટિંગ કરી રહ્યા છે, તેઓ ખૂબ જલ્દી સંબંધોને નવું નામ આપવાના છે. રિચા ચઢ્ઢા અને અલી ફઝલે ગર્લફ્રેન્ડ-બોયફ્રેન્ડનું ટેગ હટાવીને લગ્નના સાત વચન લઈ પતિ-પત્ની બનવાનો આખરે નિર્ણય લીધો છે. તેમના લગ્ન આવતા વર્ષે એટલે કે ૨૦૨૨ના માર્ચ મહિનામાં થશે.

એક્ટરના નજીકના સૂત્રોએ એક ન્યૂઝ પોર્ટલ સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, કપલે આવતા વર્ષે ઉનાળામાં લગ્ન કરવાનું નક્કી કર્યું છે. કથિત રીતે લગ્ન મુંબઈ અને દિલ્હી એમ બે શહેરમાં થશે. રિપોર્ટમાં તેમ પણ ઉમેરવામાં આવ્યું છે કે, રિચા ચઢ્ઢા અને અલી ફઝલના લગ્નના ખાસ દિવસે માત્ર પરિવારજનો અને



નજીકના મિત્રો જ ઉપસ્થિત રહેશે. કપલ પાસે એપ્રિલમાં ઘણા પ્રોજેક્ટ છે અને તેથી તેમણે તારીખ નક્કી કરી લીધી છે. તેઓ ઉનાળામાં લગ્ન કરશે. રિચા ચઢ્ઢા અને અલી ફઝલ એપ્રિલ ૨૦૨૦માં લગ્ન કરવાના હતા. જો કે, મહામારીના કારણે તેમના લગ્નને મુલતવી રાખવા પડ્યા હતા. વર્ષની જતા તેમના સંબંધો વધુ મજબૂત બન્યા છે. તેઓ ૨૦૧૨માં 'ફુકરે'ના સેટ પર પહેલીવાર મળ્યા હતા. તતેઓ પહેલા મિત્ર બન્યા હતા અને બાદમાં મિત્રતા પ્રેમમાં પરિણમી હતી. જ્યારથી તેઓ ડેટિંગ કરી રહ્યા છે ત્યારથી આજ સુધી ક્યારેય પ્રેમ છુપાવવાનો પ્રયાસ કર્યો નથી.

એક્ટર્સે તેમનું પ્રોડક્શન હાઉસ પણ શરૂ કર્યું છે જેનું નામ 'પુશિંગ બટન્સ સ્ટુડિયો' પાડ્યું છે. વર્ક ફ્રંટની વાત કરીએ તો, અલી ફઝલ કેટલાક હોલિવુડ પ્રોજેક્ટમાં કામ કરી રહ્યો છે. બીજી તરફ, રિચા સંજય લીલા ભણસાલીની ડેબ્યૂ સીરિઝ 'હીરામંડી'મા જોવા મળવાની છે. જો કે, આ અંગે હજી સુધી એક્ટ્રેસ કે ફિલ્મમેકરે આ અંગે પુષ્ટિ કરી નથી અથવા કોઈ ઔપચારિક જાહેરાત કરી નથી.

# સારાએ બાથરૂમમાં ચકાચક ગીતના સ્ટેપનું રિહર્સલ કર્યું

**ગુજરાત વંદન,**

સારા અલી ખાન અપકમિંગ ફિલ્મ અતરંગી રેને લઈને ખૂબ ઉત્સાહમાં છે. સારા અલી ખાન વિવિધ સ્થળે જઈને ફિલ્મનું પ્રમોશન કરી રહી છે. ફિલ્મનું ગીત 'ચકાચક' ખૂબ પોપ્યુલર થઈ રહ્યું છે. ફેન્સ ઉપરાંત સેલિબ્રિટીઝ પણ આ ગીત પર રીલ્સ બનાવી રહ્યા છે. સારા પણ ફેન્સના જે રીલ્સ સારા લાગે તેને પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં શેર કરતી લાગે છે.

હાલમાં જ સારા ફિલ્મના પ્રમોશન માટે કરણ જોહરના ટૉક શો 'કોફી વિથ કરણ'માં કો-એક્ટર ધનુષ સાથે પહોંચી હતી. આ દરમિયાન સારાએ કરણને એવી વાત કીધી જે સાંભળીને તે ચોંકી ગયો હતો. સારા અલી ખાને કરણને જણાવ્યું કે, ગોવામાં તેના રૂમના બાથરૂમમાં તેણે (સારા) 'ચકાચક' ગીતના સ્ટેપનું રિહર્સલ કર્યું હતું. આ સાંભળીને કરણને નવાઈ લાગી હતી. સારાએ આગળ કરણને કહ્યું, "હું આ કહેવા તો નહોતી માગતી પરંતુ હવે વાંધો નહીં." કરણ જોહરના રૂમના બાથરૂમમાં સારા રિહર્સલ કેમ કરતી હતી તેનું પણ કારણ તેણે જણાવ્યું હતું. સારાએ કહ્યું, "તમારા રૂમનો અરીસો ખૂબ નાનો હતો અને બાથરૂમમાં મોટો અરીસો હતો."

આ સાંભળીને કરણ કહ્યું, "એટલે તું બાથરૂમમાં ચકા-ચકિંગ કરી રહી હતી?" ત્યારે સારાએ હા પાડી હતી. સારાએ આગળ એમ પણ ખુલાસો કર્યો કે, ગત વર્ષે લોકડાઉન ખુલ્યા પછી આ પહેલું ગીત હતું જેનું તેણે શૂટિંગ કર્યું હતું. "આપણે ૬ મહિના સુધી લોકડાઉનમાં રહ્યા અને આ પહેલી વસ્તુ છે જે મેં લોકડાઉન પછી કરી હતી. ઉપરાંત હું આ પહેલા મદુરાઈ કે દક્ષિણ ભારતના કોઈપણ વિસ્તારને સરખી રીતે ફરી નહોતી. એટલે મને લાગે છે કે ત્યાં હોવાનો અનુભવ ખૂબ સારો હતો.




# મલાઈકાએ પરિવાર અને અર્જુન સાથે ક્રિસમસ મનાવી

**ગુજરાત વંદન,**

બોલિવુડ ઈન્ડસ્ટ્રીના તમામ સેલેબ્સે પરિવાર તેમજ મિત્રો સાથે ક્રિસમસનું સેલિબ્રેશન કર્યું હતું. ગયા વર્ષે મલાઈકા અરોરા, તેના માતા-પિતા, અર્જુન કપૂર તેમજ અમૃતા અરોરાના પરિવારે ગોવામાં પર્વની ઉજવણી કરી હતી. જો કે, આ વખતે તેઓ તમામ મુંબઈમાં છે ત્યારે મલાઈકાના મમ્મીના ઘરે પરિવાર એકઠો થયો હતો. મલાઈકા અરોરાએ તેના સોશિયલ મીડિયા હેન્ડલ પર મમ્મી-પપ્પા, દીકરા અરહાન અને બહેન અમૃતા સાથેની તસવીર શેર કરી છે. જેમાં એક્ટ્રેસને ખડખડાટ હસતી જોઈ શકાય છે. આ સિવાય અમૃતા અને અરહાન પણ કોઈ વાત પણ હસી રહ્યા છે.

મલાઈકાએ વ્હાઈટ કલરનું શોર્ટ ફ્રોક પહેર્યું છે. જેમાં બ્લેક અને રેડ કલરની પ્રિન્ટ છે. ફ્રોકમાં તે સુંદર લાગી રહી છે. આ સાથે તેણે લખ્યું છે 'હાસ્ય, પ્રેમ અને ક્રિસમસ ચારે તરફ'. આ સિવાય અન્ય તસવીરમાં તે ક્રિસમસ ટ્રી પાસે રેડ કલરના આઉટફિટમાં પોઝ આપી રહી છે. મલાઈકા અરોરાએ આ સિવાય ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં પણ કેટલાક વીડિયો અને તસવીરો શેર કર્યા છે. તેણે તેના પાલતું શ્વાનનો બૂમરેંગ વીડિયો શેર કર્યો છે. જેમાં તેને સાન્તાનું આઉટફિટ પહેરાવવામાં આવ્યું છે. મમ્મીના ઘરે ક્રિસમસ સેલિબ્રેશનમાં ભોજનમાં શું લીધું તેની ઝલક પણ મલાઈકા અરોરાએ દેખાડી છે. જેમાં કેટલીક યમ્મી કેક તેમજ અન્ય નોન-વેજ તેમજ વેજ આઈટમ જોવા મળી રહી છે. સેલિબ્રેશનમાં મલાઈકા અરોરાએ બહેન અમૃતા અરોરા સાથે પંજો લડાવ્યો હતો. તેણે તેનો વીડિયો શેર કર્યો છે. જેમાં મલાઈકાની જીત થતાં તે ખુશીથી ઉછળી પડે છે અને બેકગ્રાઉન્ડમાં 'દંગલ'નું ટાઈટલ ટ્રેક વાગી રહ્યું છે.

## ગુજરાતમાં સ્કુલોમાં કેમ્પ કરી ૨૬ લાખ તરુણોને રસી અપાશે

ગુજરાત વંદન,

બાળકો માટે કોરોનાની રસી ફરજિયાત નથી છતાં કોરોનાને હરાવવા માટે તમામ વાલીઓ સહકાર આપે અને પોતાના બાળકોને રસી મુકાવે તેવી અપીલ જયપ્રકાશ શિવહરેએ કરી છે. શિવહરેએ કહ્યું કે જે રીતે રસીકરણ દ્વારા દેશ પોલિયોમુક્ત બન્યો એમ કોરોનામુક્ત બનાવવા માટે સહકાર જરૂરી છે. ૧૫થી ૧૮ વર્ષના કિશોરોના રસીકરણ માટે ૧ જાન્યુઆરીથી કૉવિન એપ પર રજિસ્ટ્રેશન કરી શકાશે. જન્મતારીખનો ઉલ્લેખ હોય એવું સ્કૂલના રિઝલ્ટનું કોઈપણ પ્રમાણપત્ર માન્ય રહેશે. સાથે જ સ્કૂલ આઈડી કાર્ડ પણ માન્ય રહેશે.



ગુજરાતમાં કોરોનાના કેસ વધી રહ્યા છે ત્યારે તંત્ર દ્વારા કોરોના ટેસ્ટીંગ પણ કરવામાં આવી રહ્યું છે.

### ભારે જહેમત બાદ ફાયર વિભાગે આગ પર મેળવ્યો કાબૂ

## નરોડા-દહેગામ રોડ પર આવેલી લાકડાની ફેક્ટરીમાં ભીષણ આગ





○ રૂમમાં બંધ પાંચ મજૂરોને ફાયર વિભાગે બચાવી લીધા

ગુજરાત વંદન,

અમદાવાદ શહેરમાં વધુ એક આગનો બનાવ સામે આવ્યો હતો. નરોડા-દહેગામ રોડ ઉપર આવેલી લાકડાની એક ફેક્ટરીમાં ભીષણ આગ લાગી હતી. જો કે ભારે જહેમત બાદ મોડી રાતે ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવી લેવાયો હતો. વિગત મુજબ, મંગળવારની રાત્રે નરોડા દહેગામ રોડ પર એક લાકડાની ફેક્ટરીમાં ભીષણ આગ લાગી હતી. શિવ ટીમ્બર માર્ટ અને કે.એન પટેલ એન્ડ. કંપનીમાં આગ લગતા ભારે અફરા તફરી મચી ગઇ હતી. જો કે દુર્ઘટનામાં કઇ જાનહાનિ સર્જાઇ નથી. તો બીજી તરફ ફાયર વિભાગનો મોટી સંખ્યામાં કાફલો ઘટનાસ્થળે દૌડી આવ્યો હતો. અને આગ પર કાબૂ મેળવી લીધો હતો. આગના સમાચાર મળતા જ ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. બાદમાં ફાયર વિભાગના વોટર ટેક્નર અને બ્રાઉઝર સહિત ૧૪ વાહનો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. અને આગને કાબુમાં લેવાના પ્રયત્નો શરૂ કર્યા હતા. આખરે ભારે જહેમત બાદ આગને કંટ્રોલ કરી શકાઈ હતી.

### ૧૫ હજાર કિલો લાકડાનો જથ્થો સ્વાહા

ફાયરબ્રીગેડના ડીવીઝનલ ફાયર ઓફિસર ઓમ.બી.જાડેજાએ જણાવ્યું હતું કે, ૭ ફાયર બાઉઝર, બે ફાયર ફાઈટર અને પાંચ ફાયર ટેક્નર ઘટના સ્થળે પહોચી ગયા હતા અને બે લાખ લીટર પાણીનો ચલાવ્યા બાદ આગ કાબુમાં આવી છે. વધુમાં તેમને જણાવ્યુ કે પહેલા ફાયરબ્રીગેડની ટીમે રુમમાં ફસાયેલા પાંચ મજુરોને બચાવી લીધા હતા ત્યારબાદ કોમ્પ્રેસર સીલીન્ડર ઉપર પણ ઉપરાછાપરી પાણીનો મારો ચલાવ્યો હતો. આગ લાગી તેના ૫૦ મીનીટ બાદ તેને કાબુમાં કરી લેવામાં આવી હતી જેમાં ૧૫ હજાર કિલો લાકડાનો જથ્થો હતો. આગના કારણે ટ્રાફિક જામની પણ સમસ્યા સર્જાઇ હતી જેમાં પોલીસે ગણતરીની મીનીટોમાં ટ્રાફીક પણ હળવો કરી દીધો હતો.

લાકડાની ફેક્ટરી હોવાથી સ્વાભાવિક રીતે જ ભીષણ આગ લાગી ગઈ હતી. તેમ છતાં કોઇ જાનહાની થઈ નહીં હોવાનું જાણવા મળ્યું હતું. બાદમાં આગનું કારણ જાણવા ફાયર વિભાગે તપાસ શરૂ કરી હતી.

### રખડતા ઢોર, સાબરમતી નદીમાં પ્રદૂષણ અને ગેરકાયદે બાંધકામ મામલે કાર્યવાહી થશે

## AMCના નવા કમિશનરે, કહ્યું 'હાલ કોવિડ મેનેજમેન્ટને પ્રાથમિકતા'

○ અમદાવાદ મનપા કમિશનર તરીકે ચાર્જ સંભાળ્યા બાદ લોચન સહેરાએ આપ્યું નિવેદન

ગુજરાત વંદન,

અમદાવાદ મહાનગર પાલિકાના મ્યુનીસીપલ કમિશનર લોચન સહેરાએ ચાર્જ સંભાળ્યો છે.



અમદાવાદમાં રખડતા ઢોર, સાબરમતી નદીમાં પ્રદૂષણ મામલે પણ ગંભીરતા પૂર્વક કાર્યવાહી કરવાની વાતને અગ્રીમતા આપી છે. આ ઉપરાંત ગેરકાયદે બાંધકામ મામલે કાર્યવાહી કરવાની વાતને પ્રાથમિકતા પર રાખ્યા છે.

ગુજરાતમાં ઓમિક્રોનને વધુ મોટી છલાંગ લગાવી છે. રાજ્યમાં ઓમિક્રોનના કુલ ૨૪ કેસ સામે આવતા કુલ આંકડો ૭૩ કેસ પર પહોંચી ગયો છે. જો જિલ્લા વાઈઝ ઓમિક્રોન કેસો પર નજર કરીએ તો અમદાવાદમાં ૧૩ કેસ, ગાંધીનગરમાં ૪ કેસ, રાજકોટમાં ૩ તો વડોદરા, અમરેલી, આણંદ અને ભરૂચમાં એક-એક ઓમિક્રોનનો કેસ બહાર આવ્યો છે. સારી વાત એ છે કે ઓમિક્રોન વેરિયન્ટને માત આપીને ૧૭ દર્દીએ આજે ડિસ્ચાર્જ લીધું છે. પણ ખતરા રૂપ માહિતી એ છે કે અમદાવાદ અને રાજકોટ મળીને ઓમિક્રોન ગ્રસ્ત કુલ ૬ દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી નથી જે તંત્ર માટે ચિંતાનો વિષય બની ગયું છે.

### સુરેન્દ્રનગરના ઈગરોળી ગામે જર્જરીત શાળા જમીનદોસ્ત

ગુજરાત વંદન,

વાંચે ગુજરાત, ભણે ગુજરાત જેવા સૂત્રો આપનારી સરકારની પોલ છતી થઈ છે કેમ કે, સુરેન્દ્રનગરના અંતરિયાળ વિસ્તારની અનેક શાળામાં ઓરડાની અછતના કારણે બાળકો ખુલ્લામાં બેસી ભણવા મજબૂર થયા છે. તાજેતરમાં જ હાઈકોર્ટે પણ આવી ખુલ્લામાં ભણાવતી શાળાઓ મુદ્દે PIL દાખલ કરી છે. ચોંકાવનારી વાત એ છે કે, પાંચ વર્ષ પહેલા જર્જરીત શાળા જમીનદોસ્ત કરાઇ હતી. પરંતુ પાંચ પાંચ વર્ષ વિતી ગયા હોવા છતાં હજી સુધી શાળા બનાવવામાં આવી નથી. આ બનાવની વિગત પ્રમાણે સુરેન્દ્રનગરના અંતરિયાળ વિસ્તાર લખતરના ઈગરોળી ગામે ડિસેમ્બર મહિનાની કડકડતી ઠંડીમાં ધોરણ ધોરણ ૧ થી ૮ ના ૧૧૦થી વધુ વિદ્યાર્થીઓ ઝાડ નીચે ખુલ્લામાં બેસી ભણવા મજબુર છે.

### કોરોના-ઓમિક્રૉનના વધતા ચિંતાજનક કેસો વચ્ચે

## અમદાવાદમાં ફ્લાવર શો યોજાશે

○ છેલ્લા બે ત્રણ દિવસથી અમદાવાદમાં ૨૦૦ની આસપાસ કોરોનાના નોંધાઈ રહ્યા છે કેસો

ગુજરાત વંદન,

એક બાજુ અમદાવાદ સહિત ગુજરાતભરમાં કોરોના અને ઓમિક્રોનના કેસો ચિંતાજનક રીતે વધી રહ્યા છે બીજી બાજુ કોરોનાના વધતા કેસો વચ્ચે છસ્ઝ દ્વારા અમદાવાદમાં ફ્લાવર શોનું આયોજન માટે તડામાર તૈયારી ચાલી રહી છે એટલુ જ નહીં ફ્લાવર શો માટે ઓનલાઈન બુકિંગ શરૂ થઈ ગયા છે. આ સ્થિતિ વચ્ચે લોકોના મનમાં સવાલ સર્જાઈ રહ્યો છે કે, આ આયોજન કોરોનાની ત્રીજી લહેરને આમંત્રણ આપશે? કારણે કે ફ્લાવર શો નિહાળવા માટે હજારો લોકો આવશે. છેલ્લા બે ત્રણ દિવસથી અમદાવાદમાં ૨૦૦ની આસપાસ કેસો નોંધાઈ રહ્યા છે.

અમદાવાદમાં કોરોના અને ઓમીક્રોનની દહેશત વચ્ચે ફ્લાવર શૉની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફ્લાવર શૉનું આયોજન કરવામાં આવ્યું છે. ૧ જાન્યુઆરીથી ૧૪ જાન્યુઆરી સુધી ફ્લાવર શો યોજાશે. જેના ભાગરૂપે તૈયારીઓ શરૂ કરાઈ છે. અમદાવાદ સહિત ગુજરાતમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. ૧૦૦ આસપાસ કોરોનાના કેસની સંખ્યા પહોંચી ચૂકી છે. ત્યારે અમદાવાદમાં ફ્લાવર શોની




ઉજવણીની તૈયારીઓ ચાલી રહી છે. કોરોનાના કેસો વધી રહ્યા છે અને ફ્લાવર શોમાં જોવા માટે એક દિવસમાં ૧૦ હજારથી વધુ લોકો આવતા હોય છે, ત્યારે કોર્પોરેશન ફ્લાવર શો યોજી કોરોનાને આમંત્રણ આપે છે તેવું સ્પષ્ટ જણાય છે. જોકે, દર એક કલાકે ૪૦૦ લોકોને પ્રવેશ આપવામાં આવશે. ઓનલાઈન અને ઓફલાઈન ટીકીટ પણ રાખવાની તૈયારીઓ થઈ ચૂકી છે. તો આજથી ફ્લાવર શો માટે ઓનલાઈન બુકિંગ શરૂ થયા છે. ત્યારે હાલમાં ભીડ એકત્ર થાય તેવા આયોજન ન કરવા તબીબોની સલાહ છે.

નોંધનીય છે કે, એક બાજુ છસ્ઝ દ્વારા કોરોનાના ભયના કારણે કાંકરિયા કાર્નિવલ અને બુક ફેર રદ્દ કરવામાં આવ્યા છે. ત્યારે બીજી બાજુ ફ્લાવર શોનું આયોજન કરવામાં આવ્યું છે. પરંતુ સરકારી ગાઈડલાઈનનું પાલન કેવી રીતે થશે અથવા કોણ કરાવશે તેના પર કોઈ જ તૈયારી કે રૂપરેખા બનાવવામાં આવી નથી. આ સમગ્ર મામલે વિપક્ષ પણ મૌન છે.

### ૨૦૨૨ પહેલા કેન્દ્રીય ગૃહ પ્રધાનની ગાંધીનગરને ૪૯ કરોડના વિકાસ કાર્યોની ભેટ

## અમિત શાહના હસ્તે ૧૪ બગીચા સહિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ઈ-લોકાર્પણ

○ સુશાસન ઈન્ડેક્ષની સ્પર્ધામાં ગુજરાત સૌ-પ્રથમ : અમિત શાહ

ગુજરાત વંદન,

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે બુધવારે ગાંધીનગરને ૪૯ કરોડના વિકાસ કાર્યોની નવા વર્ષ ૨૦૨૨ પહેલા ભેટ આપી છે. નોંધનીય છે કે, અમતિશાહ દિલ્હીથી બપોરે ૨ વાગ્યા પછી ગાંધીનગરમાં કુલ ૧૪ બગીચા સહિત વિકાસ કાર્યોનું વર્ચ્યુઅલી લોકાપર્ણ કર્યું હતું જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવી પણ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે બુધવારે પોતાના સંસદીય મત વિસ્તાર ગાંધીનગરને ૪૯.૩૬ કરોડ રુપિયાના વિકાસ કાર્યોનું વર્ચ્યુઅલી લોકાર્પણ કહ્યું હતુ જેમાં ગાંધીનગરમાં કુલ ૧૪ બગીચા અને સેકટર ૨૪ અને ૨૯ માં પ્રાથમિક આરોગ્યનું કેન્દ્રનું વિડિયો કોન્ફરન્સના માધ્યમથી લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે સંબોધનમાં કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે જણાવ્યું કે, ગાંધીનગર માટે આજે મહત્વનો દિવસ છે, સુશાસનએ સ્વરાજ મળ્યા બાદ પ્રજાની ઝંખના હતી. ૨૦૨૧માં



સુશાસન ઈન્ડેક્ષની સ્પર્ધા કરાઈ જેમાં ગુજરાત સૌ પ્રથમ આવ્યુ છે. ૨૦૨૧માં ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં ૧૪૧૩ કરોડની આશરે ૧૨૬૧ કામોનું લોકાર્પણ કરાયું.

આજે લોકાર્પણ કરવામાં આવેલ કામો જનતાની સુવિધામાં ઉમેરો કરશે. વધુમાં જણાવ્યું કે ફરી એકવાર કોરોના રૂપ બદલીને આપણી વચ્ચે એક્ટિવ થયો છે. મારી ગાંધીનગરના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અધિકારીઓ સાથે સ્થિતિ અંગે ચર્ચા થઈ છે. કોરોનાના નિયમોનું પાલન કરવા અધિકારીઓને સલાહ અપાઇ છે. આ સાથે કોરોનાને ફરી હરાવવા રાજ્ય સરકારે બનાવેલા નિયમોનું પાલન કરીને પરિવારને સુરક્ષિત રાખી શકાય છે.

કોરોનાના ભયથી આપણે અભય થવુ હોય તો સાથે પ્રયાસ કરીએ અને જેને કોરોનાનું શસ્ત્ર રસીના ડોઝ બાકી છે એ પણ લેવાઈ જવા જોઈએ તેમ શાહે જણાવ્યું.

### કોરોનાના વધતા સંક્રમણ પર હાઈકોર્ટ ચિંતિત, સરકારને ચેતવ્યા

## સાવધાન..! પહેલા જેવી સ્થિતિ ન સર્જાય

ગુજરાત વંદન,

અમદાવાદ સહિત ગુજરાતભરમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોના અને ઓમિક્રોનના કેસો



ચિંતાજનક રીતે વધી રહ્યા છે. જેના પગલે ગુજરાત હાઈકોર્ટે પણ દિવસભરમાં ડબલથી વધુ કેસ સંક્રમણનાં સામે ચિંતા વ્યક્ત કરતા હોસ્પિટલનાં વહીવટીય વિભાગને સુ-સજ્ઝ રહેવા નિર્દેશ કર્યો છે. એટલુ જ નહીં હાઈકોર્ટે કહ્યું કે, પહેલા જેવી સ્થિતિ ન થાય તેનુ ધ્યાન રાખજો. ગુજરાત હાઈકોર્ટે નિર્દેશ કરતા સાથોસાથ અમદાવાદ મહાનગર પાલિકાના રસીકરણ અભિયાનને વખાણતા છસ્ઝની કામગીરીની પણ નોંધ લીધી. કોરોના વિરોધી રસીકરણ માટે જનતાને પ્રોત્સાહિત કરતા છસ્ઝની કામગીરીના કોર્ટે વખાણ કર્યા હતા. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ૪૦૦ની આસપાસ કેસ નોંઘાઈ રહ્યા છે જેમાં ખાસ કરીને એકલા અમદાવાદમાં જ રાજ્યના ૫૦ ટકા કેસ નોંધતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે. ગુજરાતમાં કોરોનીની ત્રીજી લહેર આવી શકે છે. રાજ્યમાં કોરોના સાથે ઓમિક્રોનના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા એક સપ્તાહમાં ફરી કેસમાં મોટો વધારો થઈ રહ્યો છે. મહત્વનું છે કે કોરોના કાળ દરમિયાન હાઈકોર્ટે સરકારની કામગીરી પર સવાલો ઉઠાવ્યા હતા. આજે ફરી કોર્ટે રાજ્યમાં વધી રહેલા કેસને લઈને ચિંતા વ્યક્ત કરી છે. કોર્ટે વધતા કેસ વચ્ચે તૈયારી કરવાનું પણ કર્યું છે. બીજી બીજુ ગુજરાત હાઈકોર્ટેના નિર્દેશ સાથે જ સિવિલ હોસ્પીટલનું તંત્ર 'એક્ટીવ' થઇ ગયું છે. રાજ્યમાં છેલ્લા એક સપ્તાહથી જે રીતે કેસમાં વધારો થઈ રહ્યો છે, તેને જોતા લાગી રહ્યું છે કે ત્રીજી લહેર જલદી આવી શકે છે. કોર્ટે ત્રીજી લહેર માટે પૂર્વ તૈયારી કરવાનું સૂચન પણ આપ્યું છે.

### સિવિલમાં ત્રીજી લહેરની સંભાવના વચ્ચે ૧૨૦૦ બેડ રિઝર્વ સહિત ૩૦૦૦ બેડની વ્યવસ્થા : સુપ્રિટેન્ડન્ટ ડૉ. રાકેશ જોશી

એશિયાની સૌથી મોટી હોસ્પિટલ કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે સિવિલ હોસ્પિટલનું તંત્ર સજ્ઝ થઈ ગયું છે.અમદાવાદ સિવિલમાં ૧૨૦૦ બેડ રિઝર્વ રાખવામાં આવ્યા છે. કોરોના માટે ૩ હજાર બેડની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ઉપરાંત ઓક્સિજન ટેક્ન અને દવાનો જથ્થો વધારવામાં આવ્યો છે. સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ ડૉક્ટર રાકેશ જશીએ જણાવ્યું કે નાગરિકોએ ધ્યાન રાખવું જોઈએ. ઓમિક્રોન ત્રણ ગણો ઝડપથી વધી રહ્યો છે.. જેથી મેળાવડા અને બિન જરૂરી બહાર જવાનું ટાળવું જોઈએ. સાથે જ જણાવ્યું કે લોકડાઉન કોઈ નિરાકરણ નથી. લોકોએ ખુદ સાવચેતી રાખવાની જરૂર છે.

## સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે તાજ હોટલ બનશે

ગુજરાત વંદન,

વિશ્વ પ્રવાસન ધામ તરીકે ખ્યાતિ પ્રાપ્ત સ્ટેચ્યૂ ઓફ યુનિટી કેવડીયા ખાતે તાજ હોટલ્સ દ્વારા હોટેલ નિર્માણના MOU પણ આ સોમવારે કરવામાં આવ્યા છે. આ હોટેલ પ્રોજેક્ટ વનબંધુ વિસ્તારના આદિજાતિ યુવાઓ માટે મોટા પ ાયે રોજગાર અવસર સર્જન કરશે. એટલું જ નહી, સ્થાનિક સ્તરે સ્વરોજગારી પણ વિવિધ ગૃ હ-હસ્તકલા ઉદ્યોગથી મળશે. ૨૭મી ડિસેમ્બરે સંપન્ન થયેલી પ્રિ-વાયબ્રન્ટ MOUની પાંચમી કડીમાં આ ઉપરાંત ૭૦ મેગાવોટના હાઈબ્રીડ રિન્યુએબલ એનર્જી પાર્ક, જંતુનાશક ફોર્મ્યુલેશન પ્લાન્ટ, સ્પેશ્યાલિટી કેમિકલ્સ તેમજ રડારની સાધન-સમગ્રી, ડિફેન્સના થર્મલ કેમેરા તેમજ ડિફેન્સની એસસરીઝ ઉત્પાદન સહિતના વિવિધ સૂચિત પ્રોજેક્ટ્સ માટે MOU થયા હતા. નોંધનીય છે કે, પ્રિ-વાયબ્રન્ટ ઈવેન્ટ રૂપે MOUની દર સપ્તાહના પ્રથમ દિવસે યોજાતી શૃંખલામાં અત્યાર સુધી ચાર કડીમાં ૮૦ MOU થયા છે. આ સોમવારે યોજાયેલી પાંચમી કડીમાં વધુ ૧૬ MOU મળી કુલ ૯૬ જેટલા MOU પ્રિ-વાયબ્રન્ટ ઈવેન્ટ રૂપે સંપન્ન થઇ ગયા છે.વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની આગામી જાન્યુઆરી-૨૦૨૨માં ૧૦મી એડીશન યોજાવા જઇ રહી છે. ગુજરાતને ગ્લોબલ ડેસ્ટીનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ તરીકે પ્રસ્થાપિત કરી રહેલી આ વાઈબ્રન્ટ સમિટની ૧૦મી એડીશનની શરૂઆત પૂર્વે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા ઉદ્યોગ રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં સોમવારે ગુજરાત સરકારે વિવિધ ક્ષેત્રે સુચિત રોકાણો માટેના વધુ ૧૬ MOU જુદા જુદા ઉદ્યોગ ગૃહો, સંસ્થાઓ સાથે કર્યા છે.

Printed at Bhoomi Offset Bhatiya Vadi, Opp. Kalupur, Ahmedabad-380002